સ્વર્ણિમ ગુજરાત
1960-2010

## સ્વર્ણિમ ગુજરાતની સ્મરણીય વિભૂતિ

# ડો. નીલકંઠરાય છત્રપતિ

(ગુજરાતમાં સૌપ્રથમ અંધશાળાના સ્થાપક :
અંધજનો માટે ભારતીય ભાષામાં બ્રેઇલ લિપિના સર્જક)



तमसो मा ज्योतिर्गमय



ડૉ. નીલકંઠરાય તથા તેમના પિતાશ્રી ડાહ્યાભાઈ

*"It is not miserable to be blind,*
*It is miserable to be incapable of enduring blindness."*

"અંધાપો આવવો તે દુઃખ કે દયાપાત્ર થવા યોગ્ય નથી,
પરંતુ અંધાપો જીરવવાની અશક્તિ એ જ દુઃખ કે દયાપાત્ર છે."

- મિલ્ટન

ગુજરાતમાં સૌ પ્રથમ અંધશાળાની સ્થાપના (સને ૧૮૯૪)ની શતાબ્દી
વર્ષની ઉજવણી નિમિત્તે ડૉ. નીલકંઠરાય છત્રપતિની પાવન સ્મૃતિમાં
અંધ કલ્યાણ કેન્દ્ર તરફથી પ્રકાશિત પુસ્તકનું સાભાર પુનઃપ્રકાશન

**तमसो मा ज्योतिर्गमय**

સ્વર્ણિમ ગુજરાતની સ્મરણીય વિભૂતિ

# ડૉ. નીલકંઠરાય છત્રપતિ

(ગુજરાતમાં સૌ પ્રથમ અંધશાળાના સ્થાપક :
અંધજનો માટે ભારતીય ભાષામાં બ્રેઈલ લિપિના સર્જક)

: લેખક :
**અશોક ઠાકોર**

: મુદ્રક-પ્રકાશક :
**સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.,**
સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ,
અમદાવાદ



તા.૦૩/૦૫/૨૦૧૦

## સંદેશ


ગુજરાતની અસ્મિતા અને અનેકવિધ ઉન્નતિને લોકહૃદયના આસને સ્થાપીને આપણે સ્વર્ણિમ જયંતી વર્ષની ઉજવણી કરવા જઈ રહ્યા છીએ ત્યારે આપણી ધરાની વિરલ વિભૂતિઓનું સ્મરણ અને વિવરણ આપણા સૌનું સહર્ષ કર્તવ્ય ગણાય. ગુજરાતમાં કેન્સર નાબૂદીના સેવાકાર્યમાં જોડાયેલા હોવા છતાં સાહિત્ય પ્રચાર-પ્રસાર જેવી પ્રેરક પ્રવૃત્તિને **'વાંચે ગુજરાત'** અભિયાનની જાગૃતિરૂપે ઉપાડી લેવામાં ડૉ. પંકજભાઈ શાહના ઉત્સાહને બિરદાવું છું. લોકકલ્યાણ અને માનવજીવન માટે પ્રેરક એવા સ્વ. ડૉ. નિલકંઠરાય છત્રપતિના જીવનવૃત્તાંતને મુદ્રિત અને પ્રકાશિત કરવાના કાર્યમાં સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ., ડૉ. પંકજભાઈ શાહ અને લેખક શ્રી અશોકભાઈ ઠાકોરની પ્રેરકતા માટે અભિનંદન પાઠવું છું.

**સૌનો,**

**(નરેન્દ્ર મોદી)**

પ્રતિ,
**શ્રી શ્રેયસ પંડ્યા** - ડાયરેક્ટર
સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.,
૫૫/૧૫, સિટી મિલ કમ્પાઉન્ડ,
કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨

**નરેન્દ્ર મોદી**
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય




અશોક ભટ્ટ

અધ્યક્ષ, ગુજરાત વિધાનસભા


તા. ૦૯/૦૪/૨૦૧૦

**સ્નેહીશ્રી શ્રેયસભાઈ,**

**સસ્નેહ નમસ્કાર,**

સાહિત્ય મુદ્રણાલય દ્વારા આપે સ્વ.ડૉ.નીલકંઠરાય છત્રપિતના જીવન ઉપર લખાયેલ પુસ્તકને પુનઃપ્રસિદ્ધ કરીને ગુજરાતના એક તબીબી ક્ષેત્રના સેવાભાવી વ્યક્તિના જીવનને પુનઃ પ્રકાશિત કરી રહ્યા નથી, પરંતુ જીવનમાં જેમણે અંધજનો પ્રત્યેની કરુણા દર્શાવીને પ્રેરણારૂપી સંશોધન અને સર્જન કર્યું છે અને એના પરિણામે ગુજરાતમાં અનેક અંધજનો જ્ઞાનની ઉપાસના કરી શક્યા છે, આવા એક વિરલ પુરુષના વ્યક્તિત્વના જીવનદર્શનને શ્રી અશોક ઠાકોર લિખિત **સ્વ.ડૉ.નીલકંઠરાય છત્રપતિ**ના પુસ્તકરૂપે પુનઃ પ્રગટ કરી રહ્યાં છો.

ગુજરાત કૅન્સર હૉસ્પિટલના નિયામક શ્રી ડૉ. પંકજભાઈ શાહે કૅન્સરના દર્દીસેવાના ક્ષેત્રે અનેક નવા માધ્યમોનું સર્જન કરીને દર્દીસેવાને આધુનિક વિજ્ઞાન સાથે જોડ્યાં છે. તે ઉપરાંત તેમણે દર્દીસેવામાં કરુણાના ભાવ પણ જોડ્યા છે. આવા અનેક ઉદાહરણોના આપણે સાક્ષી છીએ. સ્વર્ણિમગુજરાતના અવસરે આપના દ્વારા ડૉ. પંકજભાઈ શાહે સ્વ.ડૉ.નીલકંઠરાય છત્રપતિના જીવનને પુનઃપ્રકાશિત કરવાનો જે સંકલ્પ કર્યો છે તેને હું અભિનંદન આપું છું અને આપને આ કાર્યમાં જોડાવવા બદલ ખૂબ-ખૂબ ધન્યવાદ પાઠવું છું.

**કુશળ હશો...**

**આપનો વિનમ્ર,**

**(અશોક ભટ્ટ)**

પ્રતિ,

**શ્રી શ્રેયસ પંડ્યા** - ડાયરેક્ટર

સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.,

૫૫/૧૫, સિટી મિલ કમ્પાઉન્ડ,

કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨

© અશોક ઠાકોર

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૭, (ગુજરાતીમાં)     નકલ : ૧૦૦૦
બીજી આવૃત્તિ : બ્રેઈલ લિપિમાં
ત્રીજી આવૃત્તિ : ૨૦૧૦, (ગુજરાતીમાં)     નકલ : ૨૦૦૦

**બીજી આવૃત્તિના મુદ્રક - પ્રકાશક :**
સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.
સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૨૨
ફોન : ૨૫૪૬૯૧૦૧-૦૨

**કિંમત :** રૂ. ૩૫/-

**આ પુસ્તકની આવક અંધજનોના ઉત્કર્ષ માટે વપરાશે.**

## સ્વર્ણિમ્ સંકલ્પ

ગુજરાતના આદરણીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યની સ્થાપનાના સુવર્ણજયંતી વર્ષમાં ગુજરાતના ગૌરવને લોકહૃદયમાં ગૂંજતું કરવાના સંકલ્પ સાથે અનેકવિધ આયોજનો કર્યા છે. વેપાર, ઉદ્યોગ, શિક્ષણ, સામાજિક અને સાંસ્કૃતિક સહિતના અનેકવિધ ક્ષેત્રોમાં વિકાસની ગાથાઓ જુદા જુદા માધ્યમો દ્વારા લોકો સમક્ષ પ્રદશિત થઈ રહી છે. સર્વત્ર એક સાંસ્કૃતિક ચેતનાનો પ્રકાશ પથરાઈ રહ્યો છે. ગુજરાતના વૈભવ અને વારસાને દેશ અને દુનિયા સમક્ષ પ્રસ્તુત કરવાનો શ્રી. નરેન્દ્રભાઈનો પ્રયાસ ગુજરાતના ઈતિહાસની એક ઐતિહાસિક ઘટના તરીકે યાદગાર બની રહેશે.

આ સોનેરી અવસરે ગુજરાતની કેટલીક વિરલ વિભૂતિઓનું સ્મરણ થાય એ સ્વાભાવિક છે. કેન્સર હૉસ્પિટલના નિયામક ડૉ. પંકજભાઈ શાહ ગુજરાતમાં કેન્સર નાબૂદીના અખંડ સેવાયજ્ઞ ઉપરાંત અનેકવિધ લોકકલ્યાણકારી પ્રવૃત્તિઓમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. તેમને માનવજીવન માટે પ્રેરક બની રહે તેવા સાહિત્યના પ્રસારમાં પણ ઊંડો રસ છે. એ દૃષ્ટિએ તેમણે શ્રી અશોકભાઈ ઠાકોર લિખિત સ્વ.ડૉ.નીલકંઠરાય છત્રપતિનું આ જીવન વૃત્તાંત મુદ્રિત અને પુનઃપ્રકાશિત કરવાની ઈચ્છા વ્યક્ત કરી. મારો જન્મ અને ઉછેર પણ ખાડિયામાં થયેલો એ યાદ કરીને મેં એ જ ક્ષણે આ કાર્ય સાભાર સ્વીકારી લીધું.

આદરણીય મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ‘વાંચે ગુજરાત’ અભિયાનની જાગૃતિરૂપે આ પ્રકાશનને બિરદાવતો સંદેશ પાઠવ્યો છે એ બદલ તેમનો આભાર વ્યક્ત કરું છું. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી અશોકભાઈ ભટ્ટે તેમના સંદેશામાં આ પ્રકાશન બદલ ધન્યવાદ પાઠવ્યા છે તેમનો પણ હૃદયપૂર્વક આભારી છું.

સાહિત્ય મુદ્રણાલય ‘સ્વર્ણિમ્ ગુજરાત’ વર્ષની ઉજવણી દરમિયાન ગુજરાતના પ્રેરણારૂપ પુરુષોના જીવન વૃત્તાંત પ્રકાશિત કરવામાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે.

**શ્રેયસ પંડ્યા**
સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.

# અનુક્રમણિકા


| ક્રમ | | પાના નં. |
|---|---|---|
| ૧ | લેખક વિશે | ૧૦ |
| ૨ | ‘ઘરદીવડા’નો પ્રકાશ : શ્રી કુમારપાળ દેસાઈ | ૧૧ |
| ૩ | આ પુસ્તક શા માટે ? : શ્રી અશોક ઠાકોર | ૧૪ |
| ૪ | ડૉ. નીલકંઠરાય છત્રપતિનું જીવનચરિત્ર | ૨૦ |

## અર્પણ...

ગુજરાતમાં સૌ પ્રથમ અંધશાળાના સ્થાપક

અને

અંધજનો માટેની ભારતીય ભાષાઓ માટે

નાગરીલિપિ આધારિત બ્રેઇલ લિપિના શોધક

**ડૉ. નીલકંઠરાય છત્રપતિનો**

અંધત્વક્ષેત્રે સેવાવારસો દિપાવનાર;

પિતાનું વર્ષોનું સેવાક્ષેત્ર

મુંબઈની વિકટોરિયા મેમોરિયલ સ્કૂલ ફોર ધી બ્લાઇન્ડમા દીર્ઘકાલીન (સને ૧૯૨૨ થી ૧૯૭૦ સુધી) નિઃસ્વાર્થ સેવાઓ આપવા બદલ;

અંધજનોની સેવાર્થે

બેરિસ્ટર આસ્પાઇનવાળાનો શ્રેષ્ઠ ઍવોર્ડ પ્રાપ્ત કરનાર; અમદાવાદની અંધકન્યા પ્રકાશગૃહની સ્થાપના સમયે રૂ. ૫૦,૦૦૦/-નું માતબર દાન આપીને સંસ્થાને પ્રેરકબળ પૂરું પાડનાર;

આ પુસ્તિકા પ્રગટ કરવા માટે સાહિત્ય અને પ્રેરણા પૂરી પાડનાર;


મુ.સ્વ. **મણીભદ્રભાઈ છત્રપતિ**ની

પાવન સ્મૃતિને

સાદર અર્પણ.........

**— અશોક ઠાકોર**

# લેખક વિશે...



વિજ્ઞાન તથા પત્રકારત્વની તાલીમ લીધા પછી કૌટુંબિક પુસ્તક પ્રકાશન પેઢીમાં ૧૯૪૮ માં જોડાયા.

અમદાવાદના પુસ્તક વ્યવસાય મંડળ, અમદાવાદ પુસ્તક પ્રકાશન વિક્રેતા મંડળના મંત્રી, પ્રમુખ તરીકે સેવા બજાવી. ૧૯૬૨માં દિલ્હી નેશનલ બુક ટ્રસ્ટ દ્વારા યોજાયેલી પ્રથમ રાષ્ટ્રીય પુસ્તક સેમિનારમાં પ્રતિનિધિત્વ મળ્યું. અમદાવાદમાં સૌપ્રથમ પ્રાદેશિક અને રાષ્ટ્રીય પુસ્તક મેળાનું નેશનલ બુક ટ્રસ્ટના સહયોગમાં આયોજન કર્યું. પુસ્તક વ્યવસાયને તે સેલ્સટેક્ષ, ઑક્ટ્રોય, વેટમાંથી મુક્તિ અપાવી. નેશનલ બુક ટ્રસ્ટ, ચિલ્ડ્રન બુક ટ્રસ્ટની કાર્યવાહીમાં તથા અખિલ ભારતીય પુસ્તક પ્રકાશક વિક્રેતા મહામંડળની કારોબારીમાં સેવા આપી. અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડમાં પાંચ વર્ષ સભ્યપદે રહ્યા. અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડની શાળાઓના શિક્ષણ અને ખાનગી શાળાઓના શિક્ષણનું મૂલ્યાંકન કરવા નિમાયેલી શ્રી ઈશ્વરભાઈ પટેલ સમિતિમાં સભ્યપદ, ગુજરાત રાજ્ય જાહેર પુસ્તકાલયો વિષે નિમાયેલી રાજ્ય કક્ષા સમિતિના સભ્ય, અમદાવાદ જિલ્લા વ્યાયામ પ્રચારક મંડળના અધ્યક્ષ, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડના સભ્ય, રાજા રામમોહનરાય ફાઉન્ડેશન દ્વારા જાહેર ગ્રંથાલયોને અપાતા પુસ્તકોની પસંદગી સમિતિના સભ્ય, રાષ્ટ્રીયકરણ થયેલા ધોરણ-૧ થી ધોરણ-૧૧ પાઠ્યપુસ્તકોના વિતરણ માટે ૧૯૭૩માં સ્થપાયેલી ગ્રંથ સહયોગ સહકારી મંડળીના પ્રમુખ, રાયપુર દરવાજા પાસેના ભોળાનાથ પુસ્તકાલયમાં સને ૧૯૫૬ થી ૨૦૦૨ સુધી સેવા આપી. ખાડિયા વોર્ડ રાષ્ટ્રીય ઈતિહાસ સમિતિના સ્થાપના કાળના સંયુક્ત મંત્રી, લૉર્ડ મિન્ટો બોંબ વર્ષાની ઘટનાનો ઈતિહાસ તથા અમદાવાદની ક્રાંતિયાત્રાના વીર સાવરકરના જીવન ચરિત્રના લેખક તથા અનેક જાહેર સંસ્થા ૧૯૩૦-૧૯૪૨ તથા મહાગુજરાત ચળવળમાં સક્રિય, સ્વ. ઈન્દુલાલ યાજ્ઞિકના વસિયતનામાના એક એક્ઝિક્યુટર.

અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ અને આજે નેવ્યાસી વર્ષે હેરીટેજ, ખાડિયા ઈતિહાસ સમિતિમાં સક્રિય રહ્યા છે. તેમણે લખેલું ૧૯૬૬ની ગુજરાતી આવૃત્તિમાં પ્રગટ થયેલું ડૉ. નીલકંઠરાય છત્રપતિનું જીવનવૃત્તાંત બ્રેઈલ લિપિમાં પ્રગટ થયું હતું. આ પુસ્તકની ગુજરાતીમાં ત્રીજી આવૃત્તિ સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ., અમદાવાદના સૌજન્યથી પ્રકાશિત કરવામાં આવી છે.

## ‘ઘરદીવડા’નો પ્રકાશ....

આજથી એક સો વર્ષ પૂર્વે વણખેડાયેલી ભોમ પર ધ્યેયનું ઊંચું નિશાન તાકીને એકલવીરની પેઠે પુરુષાર્થ આદરી નવો ચીલો ચાતરનારની આ જીવનકથા છે. અંધજનોના શિક્ષણ અંગે લૂઈ બ્રેઈલ અને હેલન કેલરનાં ખ્યાતિ પ્રાપ્ત પ્રદાનને જાણનારું ગુજરાત એના આ ‘ઘરદીવડા’ની સિદ્ધિથી સાવ અજાણ છે !

આવા સ્વ. ડૉ. નીલકંઠરાય છત્રપતિના વિરલ અને પ્રેરક જીવનચરિત્રને શ્રી અશોકભાઈ ઠાકોરે સંશોધકની ચીવટથી અહીં આલેખ્યું છે.

જિજ્ઞાસા એ માનવજાતની મહામૂલી મૂડી છે. એના સથવારે ચાલીને અપ્રતિમ વૈજ્ઞાનિક શોધખોળ શક્ય બને છે. તો એ જ જિજ્ઞાસાના દોર પર વર્તમાનથી અતીતમાં ગતિ કરીને કેટલીય વિસ્મૃત વ્યક્તિઓની વિગતો મેળવે છે.

શ્રી અશોકભાઈ ઠાકોર ભારતીય લોકજાગૃતિના જીવંત ધબકાર સમા અમદાવાદના ખાડિયા વિસ્તારનો આખોય ઈતિહાસ જીભના ટેરવે રાખે છે. આઝાદીના આંદોલન સમયે બ્રિટનની પાર્લામેન્ટમાં ખાડિયાનું નામ ગાજ્યું હતું. આઝાદી પછી પણ આ વિસ્તાર એના જનઆંદોલનોથી સમગ્ર દેશની લોકસક્રિયતાનું પ્રતીક રહ્યો છે. આ વિસ્તારની પ્રવૃત્તિઓ અને એના ઈતિહાસ સાથે કર્મનિષ્ઠ શ્રી અશોકભાઈ ઠાકોર જોડાયેલા હોવાથી જ શ્રી નીલકંઠરાય છત્રપતિ જેવી વિરલ વિભૂતિનું જીવન શોધી લાવ્યા છે.

ડૉ. નીલકંઠરાયનું અવસાન થયું ત્યારે લેખકની વય માત્ર એક વર્ષની હતી, પરંતુ એમના ઘરની સામે જૂની કાષ્ઠકલાના નમૂના જેવું ડૉ. નીલકંઠરાય છત્રપતિનું ઘર લેખકને સતત એમની સ્મૃતિઓ શોધવા પ્રેરતું રહ્યું જેનું સુફળ

આ જીવનચરિત્ર છે.

કોઈ પણ ચરિત્રકૃતિની સફળતા અને નિષ્ફળતાનો આધાર લેખકે દાખવેલા ઔચિત્ય અને વિવેક પર છે. એવો સૂક્ષ્મ વિવેક આ ચરિત્રમાં પ્રગટ થાય છે. સ્વ. નીલકંઠરાયના નિશાળના અભ્યાસ વિશે તેમજ એમના કૉલેજકાળ વિષે જરૂરી વિગતો આમાં નોંધી છે.

એક તબીબ તરીકેની એમની કુશળતા આ કથામાં ઉપસી આવે છે. શ્રી નીલકંઠરાયનો મળતાવાડો સ્વભાવ, પરિશ્રમશીલતા અને રોગનો ઈલાજ કરવાની એમની આગવી ખાસિયત દર્શાવી છે. મદ્યનિષેધની પ્રવૃત્તિમાં નીલકંઠરાયની સક્રિયતા તથા પુસ્તક લેખન દ્વારા પોતાના વિચારો સમાજ સુધી પહોંચાડવાની એમની જાગરુકતા પ્રગટ કરી છે.

સિવિલ હૉસ્પિટલમાં સર્જન તરીકે, અધ્યાપક તરીકે અને હૉસ્ટેલમાં ગૃહપતિ તરીકે નિષ્ઠાપૂર્વક કામગીરી બજાવનાર નીલકંઠરાયને અંધાપો આવતાં પહેલો આઘાત નોકરી છોડવાનો થયો  અને બીજો પ્રહાર એમને મળેલા મહિને માત્ર ૨૭ રૂપિયાના પેન્શનનો થયો.

આપત્તિ એ વ્યક્તિના આંતરબળની કસોટી અને પ્રભુ શ્રદ્ધાની પરીક્ષા બને છે. આવી આર્થિક મૂંઝવણ અને શારીરિક મર્યાદા ધરાવતા ડૉ. નીલકંઠરાય પોતાના અંધાપાને અંધજનોના જીવનમાં રોશની ફેલાવનારો બનાવી દે છે !

સમાજનો ઉપહાસ, નાણાકીય ભીંસ અને સાધન-સગવડનો અભાવ હોવા છતાં આજથી એકસોને બે વર્ષ પૂર્વે ડૉ.નીલકંઠરાય છત્રપતિએ ગુજરાતમાં સર્વ પ્રથમ અંધશાળાની સ્થાપના કરી.

અંગ્રેજી બ્રેઇલ લિપિ પરથી ગુજરાતી, હિંદી અને મરાઠીને અનુરૂપ થાય તેવી બ્રેઈલ લિપિની શોધ કરી અને સહુને એની તાલીમ આપી. એમણે શોધેલી ''ડૉ. નીલકંઠરાય ભારતીય બ્રેઈલ લિપિ''નો ભારતમાં અને વિશ્વમાં સ્વીકાર થયો. એ જમાનામાં યુનિવર્સલ બ્રેઈલ લિપિની આ સ્વપ્નશીલ કર્મયોગીએ કલ્પના કરી. ઈ.સ. ૧૯૦૧માં મુંબઈની અંધશાળામાં આચાર્ય બન્યા તો ૧૯૦૭માં અંધજનો માટે ઉદ્યોગગૃહની સ્થાપના કરી.

૧૯૧૯માં અંધજન સહાય કેન્દ્રનું સર્જન કર્યું. આજથી એકસો વર્ષ

પહેલાંના સમાજમાં અંધજનો માટે કામ કરવું અત્યંત દોહ્યલું હતું, પરંતુ નીલકંઠરાયની દૃઢ આત્મશ્રદ્ધા, ઉચ્ચ ધ્યેયનિષ્ઠા અને ઉન્નત ચારિત્ર્યથી પ્રકાશનું અજવાળું ફેલાયું. અંધજનોને સામાજિક પ્રસંગોમાં લઈ જઈને અન્યની સાથે ભેળવવાની એમની રીત પણ એમનો સામાજિક અભિગમ દર્શાવે છે.

આમ, ડૉ. નીલકંઠરાયનો અંધાપો સમાજના અંધારિયા ખૂણામાં અજવાળું પાથરનાર બન્યો. તમસ્‌માં જ્યોતિ પ્રગટાવવી એ જગતમાં સામા પ્રવાહમાં તરવા જેવી બાબત નીલકંઠરાયે સિદ્ધ કરી બતાવી. એમના એ પુરુષાર્થની પ્રમાણભૂત વિગતો અને જીવંત જીવનરેખા આલેખતું આ ચરિત્ર દૃષ્ટિવાન કે દૃષ્ટિહીન સહુને પ્રજ્ઞા-ચક્ષુ આપનારું બનશે. આ માટેની શ્રી અશોકભાઈ ઠાકોર ધન્યવાદના તો અધિકારી છે જ, પણ સાથોસાથ આવાં અતીતનાં વધુ સંભારણાં એમની પાસેથી મળે, તેવી અપેક્ષા પણ જાગે છે.

તા.૧૪ જાન્યુ.'૯૭ **– કુમારપાળ દેસાઈ**

(પ્રથમ આવૃત્તિમાંથી સાભાર)

# આ પુસ્તક શા માટે ?

આપણા ભારતમાં વર્ષોથી શાળા-મહાશાળાઓ અને પાઠ્યપુસ્તકો દ્વારા એક માન્યતાને વ્યાપક સ્વરૂપ અપાયું છે કે અંધજન શિક્ષણ ક્ષેત્રે ફ્રાન્સના લુઈ બ્રેઈલ અને અમેરિકાના શ્રીમતી હેલન કેલરે જે યુરોપ-અમેરિકામાં કર્યું તે પછી જ આપણી રાષ્ટ્રીય ખાસિયત પ્રમાણે અનુકરણ - અનુવાદો દ્વારા જ આપણા ભારતમાં અંધજન શિક્ષણક્ષેત્રે પ્રસ્થાન થયાં.

હું પણ આ જ મનોવૃત્તિ સેવતો હતો, પરંતુ ગુજરાતના નવ ઉત્થાનના અગ્રેસર સ્વ. અંબાલાલ સાકરલાલ, શિક્ષણ-સેવાક્ષેત્રના ઝંડાધારી સ્વ. લાલશંકર ઉમિયાશંકર તથા ગાંધીયુગના પ્રખર શિક્ષણશાસ્ત્રી સ્વ. જીવણલાલ દિવાન જેવાના નિવાસસ્થાનોવાળી અને વડનગરના હાટકેશ્વર મહાદેવની નાની પ્રતિકૃતિ સમું જેઠાભાઈની પોળ સામેનું હાટકેશ્વરનું શિવાલય બંધાવનાર વડોદરા રાજ્યના અમાત્ય, શ્રી અમૃતલાલની નામવાળી અમૃતલાલની પોળ કે જે ખાડિયામાં બાલા હનુમાનથી પ્રવેશતાં કે.ટી. દેસાઈ માર્ગ ઉપર મુખ્ય પ્રવેશદ્વાર ધરાવે છે અને હાલમાં જેનું બીજું દ્વાર ખાડિયા ગોલવાડ જવાના માર્ગ સામે, સર ચીનુભાઈ રોડ ઉપર પડે છે, એવી મારી અમૃતલાલની પોળમાં ડૉ. નીલકંઠરાય છત્રપતિ તથા તેમના ભાઈઓનાં મકાનો હતાં.

મારા ઘરની સામેની ગલીમાં જ ડૉ. નીલકંઠરાયનું જૂની કાષ્ઠકલાના ઉત્કૃષ્ટ નમૂનાવાળું નિવાસ્થાન હતું અને આજે પણ છે.

મારી ઉંમર એક વર્ષની હતી ત્યારે ગુજરાતના અંધ શિક્ષણ ક્ષેત્રના આદ્ય સ્થાપક, ડૉ. નીલકંઠરાયનું નિધન થયું હતું. પણ તેમના નિધન પછી, ૧૯૨૨થી ડૉ. નીલકંઠરાયની મુંબઈની ‘ક્વીન વિક્ટોરિયા સ્કૂલ ફોર ધ બ્લાઈન્ડ’ની શાળાનું સંચાલન ડૉ. નીલકંઠરાયના નાના ભાઈ, ખ્યાતનામ શિક્ષણશાસ્ત્રી શ્રી હરિપ્રસાદભાઈ, ડૉ. નીલકંઠરાયના વચેટ પુત્ર મણિભદ્રભાઈ સંભાળતા. આ મહાનુભાવો રજાઓમાં અમદાવાદ આવી અમૃતલાલની પોળનાં જોડાજોડ આવેલા મકાનમાં રહેતા હતા.

એમના આ નિવાસસ્થાનોમાં મુંબઈમાં ભણતા યા ભણી ગયેલા અંધ વિદ્યાર્થીઓ સતત આવતા. તેઓ કોઈ જુદા પ્રકારની ચોપડીમાંથી વાંચતા, નેતરકામ કરતા, સિલાઈ કામ કરતા, હાર્મોનિયમ કે ફિડલ જેવાં વાજિંત્રો વગાડતા.

આંખની દૃષ્ટિ ગુમાવેલા આ વિદ્યાર્થીઓની આવી પ્રવૃત્તિઓ જોઈને હું

ચકિત થઈ જતો અને આંખની દૃષ્ટિ વગર આ કઈ રીતે કરી શકે છે તે સમજી શકતો ન હતો. હું મારી આ મૂંઝવણ મારા માતુશ્રી સમક્ષ રજૂ કરતો ત્યારે તેઓ કહેતા, ‘‘ભગવાન જેની એક ઈન્દ્રિય કે અંગ છીનવી લે છે તેનાં બીજાં અંગોમાં ખાસ વધુ શક્તિ આપે છે એટલે આ બધું થઈ શકે છે.’’ આ ખુલાસાથી પૂરો સંતોષ ન થયો પણ શાળાની પ્રાર્થના ‘‘મુકમ્ કરોતિ વાચાલમ્’’થી જે સમજ પડી હતી તે ન્યાયે માનતો કે ‘‘આમાં ઈશ્વરની કૃપા જ હશે !’’

ડૉ. નીલકંઠરાયના વચેટ ઍડવોકેટ પુત્ર શ્રી મણિભદ્રભાઈ જેમને અમે અમારી બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિની પરંપરા પ્રમાણે, ‘ભદલચાચા’ કહેતા, તેઓ પણ ઉપસેલાં ટપકાંવાળી અંધજનોની લિપિ વિષે તથા તેમને ભણાવવાની મુંબઈની શાળા અંગે માહિતી આપતા. બાળવયે મુંબઈ ગયો ત્યારે ૧૯૩૦ના ગાળામાં આ મુંબઈની શાળા ભદલચાચા સાથે જોવા ગયાનું યાદ છે.

અમદાવાદમાં અમારા પરિવારના નિકટના શ્રી પ્રાણશંકરભાઈએ પણ પહેલાં તેમના ઘરે અને પછી ખાડિયા ચાર રસ્તાની બ્રહ્મપુરી પોળ સામે બહેરા-મૂંગાની શાળા શરૂ કરી હતી. આ પ્રાણશંકરભાઈ જ્યારે જ્ઞાતિમાં લગ્નપ્રસંગો હોય કે જમણવારો હોય ત્યારે તેમની સાથે આ બહેરા-મૂંગા વિદ્યાર્થીઓને અચૂક લાવતા અને તેઓ મોં પહોળું કરી જુદા જુદા અવાજો અને હાથની આંગળીઓથી વાતચીત કરી શકે છે તે દર્શાવતા. એટલે આ અંધજનો પણ આવી કોઈ પદ્ધતિથી ભણી શકે છે તેવું માનવા લાગ્યો. તે પછી મારો અભ્યાસ, રમતગમત તથા ઈતર પ્રવૃત્તિઓને કારણે આ વિશે વધુ કાંઈ માહિતી મેળવવાની ઇંતેજારી ઘટી ગઈ.

૧૯૭૫-’૭૬ના ગાળામાં મુ. મણિભદ્રભાઈ કોઈ કુટુંબના લગ્નપ્રસંગે અમદાવાદ આવ્યા હતા ત્યારે તેમણે મને બોલાવ્યો. મારા પિતાના ૧૯૫૪ના થયેલા મૃત્યુ પછી તેમને મળવાના પ્રસંગો ઓછા થતા અને તેઓ પણ તેમનાં માતા તથા મોટાભાઈના નિધન પછી ભાગ્યે જ આવતા અને મળી શકતા.

તેમણે મને બોલાવીને કહ્યું કે ‘‘તને વાંચવા-લખવાનો શોખ છે એ જાણું છું માટે એક કામ તને સોંપવા માગું છું, બોલ કરીશને ? ’’ મેં હા પાડી, પછી તેમણે કહ્યું, ‘‘મારા પિતાની અંધજન શિક્ષણ અંગેની જે નોંધ અને લેખોની ફાઈલો છે તથા બ્રેઈલ લિપિ અંગેનાં થોડાં પુસ્તકો છે તે તને મોકલી

આપીશ. તું તારી ફુરસદે તે વાંચીને, અભ્યાસ કરીને મારા પિતાના જીવન વિષે નોંધ તૈયાર કરજે. ભગવાનની ઇચ્છા હશે તો આપણે તે છપાવીશું.''

તેમણે મુંબઈ જઈ, તેમની પાસે જે ફાઇલો અને સાહિત્ય હતું તે મને મોકલી આપ્યું. મને જેમ જેમ ફુરસદ મળી તેમ તેમ તેનો અભ્યાસ કર્યો અને એક કાંઈક લાંબો કહેવાય તેવો લેખ તૈયાર કર્યો.

તે સમયે આવો કોઈ લેખ 'કુમાર'માં છપાય તો પ્રતિષ્ઠા મળી ગણાતી. એટલે મેં ખૂબ સંકોચથી અને લેખ ન સ્વીકારાવાની પંચોતેર ટકા શક્યતા સાથે મુ. બચુભાઈ રાવતને તે વાંચવા આપ્યો. મુ. શ્રી બચુભાઈએ એક સપ્તાહ પછી મને 'કુમાર'ના કાર્યાલયે બોલાવીને આ લેખની સામગ્રી ભેગી કરવા અને તેને વિસ્તારથી લખવા બદલ ધન્યાવાદ આપ્યા અને ભાષાકીય એક-બે પેરેગ્રાફના ફેરફાર પછી ફરી સુધારવા જણાવ્યું.

મેં ઉત્સાહપૂર્વક તે કાર્ય પૂરું કર્યું. શ્રી બચુભાઈએ ૧૯૭૮ના એપ્રિલ માસના અંકમાં તે પ્રગટ કર્યો. જો કે મુ. શ્રી મણિભદ્રભાઈ આ જોવા રહ્યા ન હતા. આ લેખ પ્રગટ થતાં મને ઘણાં કુટુંબીજનો, સ્નેહીઓ અને અંધશિક્ષણની સંસ્થાઓ, મંડળો દ્વારા અભિનંદનો મળ્યાં અને 'હરિ ઓમ્' શ્રીમોટાના આશ્રમ તરફથી 'કુમાર'ના ઉત્તમ લેખો માટે મળતો પુરસ્કાર મળ્યો.

'અંધ કલ્યાણ કેન્દ્ર' - વાડજના સ્થાપક પ્રજ્ઞાચક્ષુ શ્રી કાંતિભાઈ ગાંધી તથા તે ક્ષેત્રમાં જીવન સમર્પિત કરનાર તેમનાં ધર્મપત્ની ઇન્દ્રકુમારી બહેન મારા નિવાસસ્થાને આવ્યાં અને સ્વ. નીલકંઠરાયની સ્મૃતિમાં કાંઈક કરવામાં મદદરૂપ થવા જણાવ્યું. અમારા સદ્‌ભાગ્યે લાયન્સ ક્લબ ઑફ અમદાવાદ-નોર્થના પદાધિકારીઓ ખાસ કરીને ઍન્જિનિયર શ્રી અરવિંદભાઈ પી. શાહની જહેમતથી ડૉ. નીકલંઠરાયની સ્મૃતિમાં ગુજરાતમાં અંધજન સેવાક્ષેત્રે ઉત્તમ કામગીરી બજાવનારાને ઍવોર્ડ અપાય તેવું આયોજન કર્યું. પ્રતિવર્ષ ઍવોર્ડ આપવાનું કાર્ય અંધ કલ્યાણ કેન્દ્ર તથા લાયન્સ ક્લબ ઑફ અમદાવાદ-નોર્થ વર્ષો સુધી સાથે કર્યું. તે પછી હવે આ ઍવોર્ડ આપવાની જવાબદારી અંધ કલ્યાણ કેન્દ્રે સ્વતંત્ર રીતે ઉપાડી લીધી છે.

૧૮૯૪માં ડૉ. નીલકંઠરાયની અમદાવાદની પહેલી અંધ શાળાની સ્થાપનાને સો વર્ષ પૂરાં થયાં. તેની યોગ્ય ઉજવણી કરવા આચાર્ય યશવંતભાઈ

શુક્લના અધ્યક્ષપદે એક સમિતિ નીમાઈ. તેમાં ડૉ. નીલકંઠરાયની સ્મૃતિમાં ટપાલ ટિકિટ, કોઈ માર્ગનું નામાધિકરણ તથા તેમના જીવનચરિત્રની પુસ્તિકા પ્રકાશિત કરવાનું નક્કી કર્યું. આ પુસ્તિકા તૈયાર કરવાનું કામ મને સોંપાયું.

સ્વ. નીલકંઠરાયના નિધન પછી 'બુદ્ધિપ્રકાશ'ના અંકમાં શ્રદ્ધાંજલિ લેખ લખનાર, સ્વ. શ્રી હીરાલાલ ત્રિ. પારેખ કે જેઓ મારા વડીલ આપ્તજન સમા હતા અને જેને અમે 'પારેખકાકા' કહેતા હતા તેઓએ એ લેખમાં સ્વ. ડૉ. નીલકંઠરાયનું જીવનચરિત્ર લખાય એવું મંતવ્ય રજૂ કરતાં લખ્યું હતું કે, 'આ પુણ્યશાળી પુરુષનું જીવનવૃત્તાંત વિગતવાર લખાય તો રસભર્યું અને બોધદાયક નીવડે.'' વધુમાં તેમણે ડૉ. નીલકંઠરાયના અવસાન અંગે ભરાયેલી 'ગુજરાત સાહિત્ય સભા'ના શોકભીના ઠરાવનો ઉલ્લેખ કરતાં લખ્યું હતું. ''ઇંગ્લૅન્ડના સુપ્રસિદ્ધ લેખક સ્માઇલના ફરજપાલન, આત્મશ્રદ્ધા, ઉચ્ચ ચારિત્ર્ય અને કાર્યનિષ્ઠા ઉપર કોઈ કાંઈ લખવા ઇચ્છે તો ડૉ. નીલકંઠરાયનું જીવન આદર્શ સામગ્રી પૂરી પાડી શકે.''

ચુંવાલીસ વર્ષ અગાઉ ૧૯૨૨માં મુ. પારેખકાકાએ અને સને ૧૯૭૫માં મુ. મણિભદ્રભાઈએ કરેલી અભિલાષાને ૧૯૯૬માં સાર્થક કરવાની મને જે તક મળી તેને હું મારું સદ્ભાગ્ય સમજું છું અને તેમણે મૂકેલા વિશ્વાસને પાત્ર થવા પુરુષાર્થ કરવાનો સંતોષ પણ છે જ.

આ કાર્યમાં મને પ્રોત્સાહિત કરીને જવાબદારી સોંપનાર અને ડૉ. નીલકંઠરાય શિલ્ડની સ્થાપના કાળથી તે શિલ્ડ માટેના પાત્ર શોધનાર કમિટીના અધ્યક્ષ, મારા એક સમયના ગુરુ શ્રી યશવંતભાઈ શુક્લ તથા અંધ કલ્યાણ કેન્દ્રના અધ્યક્ષ બહેન શ્રી સૂર્યાબેન શાહ તથા તે સંસ્થાના ચેતનામૂર્તિ બહેન શ્રી ઇન્દ્રકુમારી ગાંધીનો પણ આભાર માનવો જ રહ્યો.

મારા 'કુમાર' ૧૯૭૨ના લેખ પછી અંધ કલ્યાણ કેન્દ્ર (રાણીપના આદ્ય સ્થાપક પ્રજ્ઞાચક્ષુ સ્વ. શ્રી કાન્તિભાઈ ગાંધીએ નીલકંઠરાય ઍવોર્ડ માટે શીલ્ડ આપવાની યોજના કરી અને તે પછી તે જ સંસ્થાના ઉત્સાહી કાર્યકર શ્રી સુમિત્રાબહેન, સ્વ. કાન્તિભાઈ ગાંધીના પત્ની શ્રી ઇન્દુબહેન ગાંધી તથા તે સંસ્થામાં ઉત્સાહપૂર્વક સેવા આપતા શ્રી રશ્મિકાન્તભાઈ શાહ તથા તેમના પત્ની શ્રી કુમુદબહેન શાહે આજે આ ક્ષેત્રમાં કાર્યરત છે.

અંધજન કલ્યાણ કેન્દ્ર સ્થાપવાની વિચારણા તેને સ્વોપાર્જિત મર્યાદિત

આર્થિક સહાયથી "તું એકલો જાને રે"ની પંક્તિને જીવનમંત્ર બનાવીને, ગૃહઆંગણે નાના રોપારૂપે ઉછેરનાર શ્રી કાન્તિભાઈના નિધન પછી તેમનાં ધર્મપત્ની શ્રી ઈન્દ્રગૌરીબહેન ગાંધીએ, સ્વ. શ્રી કાન્તિભાઈના અધૂરા કાર્ય અને અરમાનો સિદ્ધ કરવા જીવન સમર્પિત કર્યું છે તથા અંધજન શિક્ષણ ક્ષેત્રે વ્યાવસાયિક નિવૃત્તિ પછી અંધજન સેવાક્ષેત્રને નિવૃત્તિ પછીનું મુખ્ય કર્તવ્ય માન્યું છે તેવા શ્રી સૂર્યાબહેન શાહ કે જેઓ અંધજન કલ્યાણ કેન્દ્રના વ્યવસ્થાપક મંડળના કુશળ-જાગૃત અધ્યક્ષ છે તેમજ રાણીપમાં નિવાસસ્થાન સ્થાપીને સ્થિત થયેલા, ગુજરાતના અગ્રગણ્ય શૈક્ષણિક પ્રકાશક સી. જમનાદાસની પેઢી દ્વારા ગુજરાતના ઘરેઘર સાથે નાતો બાંધનાર, શ્રી રશ્મિકાન્તભાઈ શાહ તથા તેવા જ ઉત્કૃષ્ટ સમાજસેવાને વરેલ શ્રી કુમુદબહેન રશ્મિભાઈ શાહના સંયુક્ત પરિશ્રમથી તથા શ્રી રશ્મિકાન્તભાઈના આર્થિક સહયોગથી તથા તેમના મુદ્રણ-પ્રકાશન ક્ષેત્રના અનુભવનો લાભ આપીને, અંધજન કલ્યાણ કેન્દ્ર-રાણીપે સ્વ. નીલકંઠરાય છત્રપતિની જીવનગાથા આવરી લેતી આકર્ષક પુસ્તિકા 'તમસો મા જ્યોર્તિગય ડૉ. નીલકંઠરાય છત્રપતિ'નું ૧૯૯૭માં પ્રકાશન કરીને સ્વ. કાન્તિભાઈ ગાંધીની અંતરની ઈચ્છાને મૂર્તસ્વરૂપ આપ્યું પણ સાથે સાથે ડૉ. નીલકંઠની સ્મૃતિઓ, અંધજન ક્ષેત્રે ઉત્તમ કાર્ય કરનારને સન્માવવા, લાયન્સ ક્લબ વાસણાની સંયુક્ત જવાબદારીમાંથી મુક્ત થઈ અંગત રીતે ડૉ. નીલકંઠરાય સ્મારક શિલ્ડનું આયોજન કર્યું છે. આજે રાણીપની અંધજન કલ્યાણ કેન્દ્ર સંસ્થા પૂર્ણ વિકાસ પામીને આર્થિક રીતે સબળ બનીને, પોતાના કાર્યક્ષેત્રની પ્રવૃત્તિઓ સતત વિકસી રહી છે.

સને ૨૦૦૯ના નવેમ્બર માસમાં અમદાવાદની કેન્સર હૉસ્પિટલના ચેતનવંતા ડિરેક્ટર ડૉ. પંકજભાઈ શાહે ડૉ. નીલકંઠરાયનું જીવનચરિત્ર, ડૉ. નીલકંઠરાયે પ્રસ્થાપિત કરેલી બ્રેઈલ લિપિમાં પ્રગટ કરવાનો તથા ડૉ. નીલકંઠરાયના જીવનચરિત્રની ૧૯૯૭માં અંધજન કલ્યાણ કેન્દ્ર, રાણીપે પ્રકાશિત કરેલી પુસ્તિકાની બીજી આવૃત્તિમાં પ્રગટ કરવાની પ્રસ્તાવના મૂકી, જેનો મેં વિના વિલંબે સ્વીકાર કર્યો અને તે આજે ડૉ. પંકજભાઈના સુંદર આયોજન તથા આર્થિક અવલંબનથી શક્ય બન્યું છે. આ માટે ડૉ. પંકજભાઈની વિકલાંગ ક્ષેત્રની ઉત્કૃષ્ટ સેવાભાવના બિરદાવવા માટે શબ્દો ઓછા પડે છે.

આ નવી ગુજરાતી આવૃત્તિમાં ડૉ. નીલકંઠરાયની બીજી જનસેવા એટલે

કે ગાંધીયુગના પ્રસ્થાન પહેલાં પંદર વર્ષ પૂર્વે આરંભેલી મદ્યનિષેધ પ્રવૃત્તિની ઝાંખી કરતી આછી ઝલક ઇતિહાસના યુવાન અધ્યાપક શ્રી રીઝવાન કાદરીની સહાયથી સમાવેશ કરી શકાયો છે અને તે રીતે ડૉ. નીલકંઠરાયની યુવાનીમાં અમદાવાદમાં પ્રારંભાયેલી અને મુંબઈ વિક્ટોરિયા મેમોરિયલ સ્કૂલ ઑફ બ્લાઇન્ડના સંચાલન ગાળામાં મુંબઈમાં પણ ચાલુ રાખેલી મદ્યનિષેધ પ્રવૃત્તિઓની ડૉ. નીલકંઠરાયના જીવનના બીજા મહત્ત્વના પાસાંને પ્રજ્વલિત કરે છે.

ગુજરાતી ભાષાની બીજી આવૃત્તિ પ્રગટ કરવામાં સંપૂર્ણ આર્થિક યોગદાન આપનાર, અમદાવાદના ખ્યાતનામ સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.ના સંચાલક અને ગુજરાત વેપારી મહામંડળના ભૂતપૂર્વ અધ્યક્ષ શ્રી શ્રેયસભાઈ પંડ્યાનો પણ ઋણી છું.

ગુજરાતના સ્વર્ણિમ વર્ષની ઉજવણીના ગાળામાં ગુજરાતનો હરણફાળે સર્વાંગી ઉત્થાન કરવામાં સમર્પિત મુખ્ય મંત્રી માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આ પુસ્તિકાની બીજી ગુજરાતી આવૃત્તિ માટે સંદેશો મળ્યાથી હું માનું છું કે હવે રાજ્યકક્ષાએ સ્વ. નીલકંઠરાયની અંધજનક્ષેત્રની સેવા તથા તેમની લિપિની શોધને સ્વીકૃતિ મળી છે.

વિધાનસભાના માન. સ્પીકર અને ખાડિયાના લોકજીવનની રાજકારણ સિવાયની અસ્મિતા ઉજાળતી પ્રત્યેક પ્રવૃત્તિના મારા વર્ષોથી સાથી શ્રી અશોકભાઈ ભટ્ટના સંદેશાથી ખાડિયાનું નામ રોશન કરનાર સ્વ. નીલકંઠરાયને નવું સ્મૃતિકરણ સંપાદન થયું છે. આ માટે આ બન્ને મહાનુભાવોનો આભાર માનીને એવી અભિલાષા વ્યક્ત કરું છું કે હવે સમગ્ર ગુજરાત તેના પનોતા સેવાભાવી પુત્ર ડૉ. નીલકંઠરાયની સને ૧૮૯૪ થી ૧૯૨૦ સુધીની છવ્વીસ વર્ષ અપ્રતિમ સેવાની ગૌરવપૂર્વક નોંધ લઈ, તેમને આ ક્ષેત્રના વિશ્વવિખ્યાત સિતારા લુઈ બ્રેઈલ અને ડૉ. હેલન કેલરની હરોળમાં મૂકશે અને આ કારણે સ્વ.ડૉ. નીલકંઠરાયના સેવાભાવી પુત્ર શ્રી મણીભદ્રભાઈએ મને તેમના પિતાના અદ્વિતીય યોગદાનને અંકીત કરવાનું સોંપ્યું હતું તેને હવે સમગ્ર ગુજરાત તથા ભારતને જાણ થઈ શકી છે અને એ રીતે ડૉ. નીલકંઠરાય લુઈ બ્રેઈલ તથા એલન કેલરની જેમ ભારતમાં અંધજન શિક્ષણ ક્ષેત્રના પ્રસ્થાનકારનું બિરુદ પ્રાપ્ત કરી શક્યા છે, મારા જીવનમાં આથી વધુ પરિતૃપ્તિ કઈ હોઈ શકે ?

**— અશોક ઠાકોર**

# ડૉ. નીલકંઠરાય છત્રપતિ

## જીવન અને કાર્ય

"કોઈ પણ લેખક ગુજરાતીમાં સદ્વર્તન, કર્તવ્ય, સ્વાશ્રય વગેરે જેવાં ગુણદર્શક પુસ્તકો લખવા પ્રેરાય તો તેને ડૉ. નીલકંઠરાયના જીવનમાંથી ઘણી ઉપયોગી સામગ્રી મળી શકે તેમ છે." ૧૯૨૨ના સપ્ટેમ્બરની ૧૧મી તારીખે ડૉ. નીલકંઠરાય છત્રપતિનું નિધન થયું અને પછી ગુજરાત સાહિત્ય સભામાં થયેલા શોકદર્શક ઠરાવમાં ઉપરના શબ્દો પ્રયોજાયેલા હતા.

ડૉ. નીલકંઠરાય જેમણે ગુજરાતના અંધજનો માટે સને ૧૮૯૪માં અમદાવાદના ખાડિયા વોર્ડની અમૃતલાલની પોળના પોતાના રહેઠાણના મકાનમાં સૌપ્રથમ અંધશાળા સ્થાપી, પરંતુ તેમનું નામ આપણા સમાજમાં આવું ઉદાત્ત કામ કરનારા ફ્રાન્સના લૂઈ બ્રેઈલ કે અમેરિકાનાં કુ. હેલન કેલરના નામ જેટલું હજુ જાણીતું થઈ શક્યું નથી. આ આપણી પ્રજાકીય ઉપેક્ષાવૃત્તિ દુઃખદ છે.

## જન્મ તથા બાળપણ

ગુજરાતની જે ગણીગાંઠી જ્ઞાતિઓએ ભારતમાં અંગ્રેજી શિક્ષણ અપનાવ્યું તેવી અમદાવાદની બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિના વડોદરાની ગાયકવાડ રિયાસતનાં દફતર ખાતામાં ઉચ્ચ અધિકાર પદ ભોગવતા શ્રી ડાહ્યાભાઈ હરિનાથ છત્રપતિને ત્યાં ૧૮૫૪માં સહુથી મોટા પુત્ર રૂપે નીલકંઠરાયનો જન્મ થયો.

શ્રી ડાહ્યાભાઈના પૂર્વજો પણ ગાયકવાડ રિયાસતમાં ઉચ્ચ સ્થાને હોવાને કારણે રાજ્યે તેમને 'છત્રપતિ'નો ઈલ્કાબ આપી, પાલખી, છત્ર અને મશાલ રાજ્યના ખર્ચે રાખવાની જોગવાઈ કરી આપી. આથી આ પરિવાર 'છત્રપતિ' પરિવાર તરીકે ઓળખાવા લાગ્યો.

શ્રી ડાહ્યાભાઈ નોકરી અંગે વડોદરામાં સ્થાયી થયા હોવા છતાં તેમણે તેમના પુત્રના શિક્ષણ માટે અમદાવાદ ઉપર પસંદગી ઉતારી; કારણ કે વડોદરામાં ઉચ્ચ અમલદારોના દીકરાઓ ભણવા કરતાં મોજમઝા અને સાહ્યબી ભોગવતા. આથી નીલકંઠરાયને પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યા પછી માધ્યમિક શિક્ષણ લેવા માટે અમદાવાદ તેમના મોસાળ, ઘાસીરામની પોળમાં રહેતા તેમના નાનાજી લલ્લુભાઈ મજમુદારને ત્યાં મૂક્યા. તેઓ પોતે ઉચ્ચ

સરકારી હોદ્દા પર હતા છતાં ખૂબ સાદું અને સંયમી જીવન જીવતા તથા શિસ્તના આગ્રહી હતા.

## વિદ્યાભ્યાસ

નીલકંઠરાયને અંગ્રેજી શિક્ષણ માટે તે સમયની ખ્યાતનામ ગણાતી આઈ. પી. મિશન સ્કૂલમાં દાખલ કરવામાં આવ્યા. શાળાના ઉત્તમ શિક્ષણ સાથે તેમની ખંત, નિયમિતતા તથા તેમના નાનાજીની કાળજીને કારણે તેઓ માધ્યમિક શિક્ષણમાં સુંદર પ્રગતિ કરી શક્યા અને તેમણે મુંબઈ યુનિવર્સિટીની મેટ્રિક્યુલેશનની પરીક્ષા ખૂબ સારા માર્ક્સથી પસાર કરી.

## તબીબી શિક્ષણ માટેનો આગ્રહ

એ સમયે ઉચ્ચ કક્ષામાં મેટ્રિકની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓને મહેસૂલી, શિક્ષણ, આબકારી કે પોલીસ ખાતામાં સીધી નોકરીઓ મળતી હતી અને એની ખાતાકીય પરીક્ષાઓ પસાર કર્યા પછી સરકારમાં ઉચ્ચ હોદ્દાઓ પણ સરળતાથી મળતા. તે સમયે આવી નોકરીઓ ખૂબ સલામતીવાળી, સમાજમાં મોભો આપનારી અને તેથી લોકભાષામાં 'ખીંટીએ પોતિયાં' મૂકવા જેવી મનાતી અને એટલે જ નીલકંઠરાયના વડીલોએ તેમને મહેસૂલી ખાતામાં જોડાવા દબાણ કર્યું, પરંતુ નીલકંઠરાય જુદી ખોપરીના હતા. તેમને જ્ઞાતિના તેમનાથી થોડી મોટી ઉંમરના એક યુવાન મુંબઈની ગ્રાંટ મેડિકલ કૉલેજમાં જોડાયેલા તે જોઈને તેમણે પણ મુંબઈ જઈ તબીબ થવાના અરમાન જાગ્યા.

## મુંબઈ મેડિકલ કૉલેજમાં પ્રવેશ

તેમના વડીલોએ મુંબઈ જેવા દૂરના પ્રદેશમાં રહી મડદાં ચીરવાનું તથા ડૉક્ટર થયા પછી મરકી, કૉલેરા જેવી પ્રચલિત મહામારીમાં જોખમી નોકરી કરવાનાં કારણો જણાવી નીલકંઠરાયને વારવા બધા જ પ્રયાસો અને દબાણ કરી જોયાં પણ સહુ નિષ્ફળ ગયાં. નીલકંઠરાય મુંબઈની ગ્રાંટ મેડિકલ કૉલેજમાં દાખલ થયા અને હાલની એમ.બી.બી.એસ.ની સમકક્ષ એવી એલ.એમ.ઍન્ડ એસ. એટલે કે લાયસન્સીએટ ઈન મેડિસિન ઍન્ડ સર્જરી નામના ડિગ્રી કોર્સમાં જોડાયા. આ અભ્યાસમાં પણ તેમની કુશાગ્ર બુદ્ધિ, ખંત અને અભ્યાસનિષ્ઠાને કારણે સુંદર પ્રગતિ કરી શક્યા. છેલ્લી પરીક્ષાનું પરિણામ જાહેર થયું ત્યારે પાસ થનારની યાદીમાં તેમનું નામ ન હતું, પરંતુ

પોતાને પરીક્ષામાં સારો દેખાવ કર્યાનો પૂર્ણ આત્મવિશ્વાસ હોવાથી તેમણે પરીક્ષાની ફેર તપાસ માગી, તેઓ તેમાં સફળ થયા અને ઉચ્ચ કક્ષામાં ઉત્તીર્ણ થયેલા જાહેર થયા.

## દાક્તરી જીવનનો પ્રારંભ

આમ, તબીબી ડિગ્રી મેળવી તેઓ અમદાવાદ પાછા ફર્યા અને ખાડિયા સ્વગૃહે ૧૮૮૦માં ખાનગી દવાખાનું શરૂ કર્યું. તેમની ઊંડાણથી દર્દીની ચિકિત્સા કરવાની વૃત્તિ તથા તબીબી જ્ઞાનના ગહન અભ્યાસને કારણે તેમનું દવાખાનું દર્દીઓથી ભરાયેલું રહેતું અને થોડા જ સમયમાં એક સારા તબીબ તરીકે ખ્યાતિ પામ્યા.

આ અરસામાં અમદાવાદમાં મિલ ઉદ્યોગ સ્થાપનાર શ્રી રણછોડલાલ છોટાલાલનું નિધન થયું. તેમની સ્મૃતિમાં તેમના પરિવારે પાંચ કૂવા દરવાજાની બહાર એક ધર્માદા દવાખાનું શરૂ કરવાનો નિર્ણય કર્યો. સ્વ. રણછોડલાલનો પરિવાર જે ખાડિયા દેસાઈની પોળમાં રહેતો તેમની નજર પાસેની અમૃતલાલની પોળમાં દવાખાનું ચલાવતા ડૉ. નીલકંઠરાય ઉપર આ ધર્માદા દવાખાનાના સંચાલન માટે મંડાઈ. કારણ ડૉ.નીલકંઠરાય એમને એ માટે બધી રીતે અનુકૂળ લાગ્યા. પોતાની સ્વતંત્ર પ્રેક્ટિસ છોડીને આ દવાખાનું સંભાળવા તેઓએ તેમને સમજાવ્યા અને મૂળ તો માનવસેવાની ભાવનાથી જ તબીબીનું ક્ષેત્ર પસંદ કરનાર નીલકંઠરાયે પણ નિશ્ચિત આવક સાથે લોકસેવાની બહોળી તક મળતી હોઈ આ પ્રસ્તાવ સ્વીકારી લીધો.

સખત પરિશ્રમ મળતાવડો સ્વભાવ અને રોગનું સંપૂર્ણ નિદાન કર્યા પછી જ એનો સીધો ઈલાજ કરવાની એમની ખાસિયતને કારણે એ દવાખાનું એટલું તો લોકપ્રિય બની ગયું કે દાતાઓને એને સંપૂર્ણ ઈસ્પિતાલમાં વિસ્તારવાનો ઉત્સાહ જાગ્યો અને ડૉ. નીલકંઠરાયને કારણે જે તે દવાખાનું રા.બ.રણછોડલાલ છોટાલાલ સાર્વજનિક હૉસ્પિટલમાં પરિવર્તન પામ્યું અને આ હૉસ્પિટલ પણ જનતામાં ખૂબ ખ્યાતનામ બની.

## તબીબી ક્ષેત્રે મળેલી ખ્યાતિ

આ સમયમાં ઘીકાંટાની સરકારી સિવિલ હૉસ્પિટલના સિવિલ સર્જન, ડૉ. જહોન રીબ પણ આ હૉસ્પિટલની પ્રગતિથી પ્રભાવિત થયા અને તેમને

તેનું સંચાલન કરનાર ડૉ. નીલકંઠરાયની શક્તિનો ખ્યાલ આવ્યો. ડૉ. જ્હોન રીબે ડૉ. નીલકંઠરાયનો સંપર્ક સાધ્યો અને એમના કાર્યથી પ્રભાવિત થઈ એમને સમગ્ર શહેરની અને જિલ્લાની જનતાની સેવા કરવા સાથે તબીબી જ્ઞાનમાં વૃદ્ધિ કરવાની બહોળી તક તરીકે સિવિલ હૉસ્પિટલમાં તબીબ તરીકે તથા તેની સાથે સંકળાયેલી બી.જે. મેડિકલ સ્કૂલના અધ્યાપક તરીકે જોડાવાનો પ્રસ્તાવ મૂક્યો.

પોતે જ વિકસાવેલી અને ઘરઆંગણાની હૉસ્પિટલ છોડીને એ પ્રસ્તાવ સ્વીકારવા પ્રથમ તો ડૉ. નીલકંઠરાયનું મન માન્યું નહીં, પણ અનેક મિત્રો, શુભેચ્છકો અને પરિવારજનો સાથેની ચર્ચાવિચારણા બાદ તથા રા.બ. રણછોડલાલના પરિવારની સંમતિ મેળવીને રણછોડલાલ છોટાલાલ હૉસ્પિટલના ઈન્ચાર્જ તબીબની નોકરી છોડી દીધી.

## અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં જોડાયા

સિવિલ હૉસ્પિટલમાં ૧૮૩૩માં સહાયક સર્જન તરીકેની નોકરી સ્વીકારી. આ નોકરીની સાથોસાથ તેમને અમદાવાદની સિવિલ હૉસ્પિટલ સાથે સંલગ્ન બી.જે. મેડિકલ સ્કૂલમાં એનેટોમી અને ફિઝિયોલોજીના અધ્યાપક તરીકે પણ કામ કરવાનું સોપાયું. આ ઉપરાંત આ શાળાની હૉસ્ટેલના ગૃહપતિ તરીકેની જવાબદારી પણ સોંપાઈ.

ડૉ. નીલકંઠરાયને નવી નોકરીમાં સિવિલ હૉસ્પિટલના વિશાળ પુસ્તકાલયના ઉત્તમ ગ્રંથો, વિદેશનાં મેડિસિન અંગેનાં સામયિકો તથા અંગ્રેજ સિવિલ સર્જનોના સંપર્કથી તબીબી જ્ઞાન વધારવાની ઉત્તમ તક મળી. તેમજ વિદ્યાર્થીઓને શરીરશાસ્ત્ર અને દેહધર્મના વિષયો શીખવવાના કારણે નિયમિત અભ્યાસ કરવાની તેમને ફરજ પડી. તેમના અભ્યાસનિષ્ઠ સ્વભાવ અને ખંતપૂર્વક ફરજ બજાવવાની તમન્નાને કારણે તેઓ દર્દીઓ, વિદ્યાર્થીઓ અને ઉપરી અધિકારીઓમાં ખૂબ પ્રિયપાત્ર બન્યા.

તેઓના આવા અભ્યાસને કારણે તથા વિદેશી તબીબી જ્ઞાનમાં સામયિકોના અભ્યાસને કારણે તેઓ આરોગ્યવિષયક લેખો લખવા લાગ્યા અને ઇંગ્લૅન્ડના વિશ્વ વિખ્યાત તબીબી ક્ષેત્રના સામયિક ‘લેન્સેટ’માં પ્રકાશિત થવા લાગ્યા.

## તબીબ તરીકે આગવી પ્રતિભા

તેઓ હૉસ્પિટલમાં આવતા દરેક દર્દીનું નિદાન પોતાની આગવી રીતે કરતા અને એ રીત સારવાર, ઑપરેશન કરવાનો આગ્રહ રાખતા, પરિણામે ક્યારેક તેમના ઊંચી કક્ષાના તબીબો સાથે પ્રામાણિક મતભેદો પણ ઊભા થતા. ઉપરી અધિકારી નારાજ થશે તેનો વિચાર કર્યા વગર પોતાના મંતવ્યને તેઓ વળગી રહેતા.

એક પ્રસંગે તેમના ઉપરી અધિકારી-સિવિલ સર્જન ડૉ. ક્વીક સાથે એક દર્દીના નિદાન પછી તે અંગેના ઑપરેશન માટે મતભેદ ઊભો થયો. ડૉ. નીલકંઠરાયે આ ઑપરેશન પોતાના નિદાન પ્રમાણે કરવા આગ્રહ રાખ્યો ત્યારે તે ઉદાર દિલના અંગ્રેજ ડૉક્ટરે કહ્યું, “જો ઑપરેશન અંગેની સઘળી જવાબદારી તમે લઈ શકતા હોવ તો તે ઑપરેશન કરો. પણ યાદ રાખો કે તેના પરિણામ માટેની જવાબદારી કેવળ તમારી જ રહેશે, મારી નહીં.”

ડૉ. નીલકંઠરાયે આ કપરી કસોટીજનક શરતો સ્વીકારી અને સફળ ઑપરેશન કર્યું ત્યારે તેમને શાબાશી આપવામાં સહુથી પહેલા ડૉ. ક્વીક જ હતા.

## છાત્રાલયના ગૃહપતિ બન્યા

ડૉ. નીલકંઠરાય મેડિકલ સ્કૂલના છાત્રાલયના ગૃહપતિ તરીકે પણ ખૂબ ચીવટપૂર્વક ફરજ બજાવતા. તેઓ વિદ્યાર્થીઓના રસોડાની સ્વચ્છતા, ખોરાકની પૌષ્ટિકતાની સાથે વિદ્યાર્થીઓના આરોગ્ય માટે પણ ખૂબ તકેદારી રાખતા. વિદ્યાર્થીઓને વ્યાયામ દ્વારા શરીર મજબૂત કરવા માર્ગદર્શન આપતા, બીડી કે બીજાં વ્યસનોથી દૂર રહેવા સદા ઉપદેશ આપતા તથા અભ્યાસ ઉપર ધ્યાન આપવા પ્રોત્સાહન આપતા. આથી ગૃહપતિ તરીકે છાત્રો તેમને પિતાતુલ્ય ગણતા.

આવી સભર અને દિવસનો મોટો સમય માંગી લેતી ચુસ્ત દિનચર્યા છતાં તેઓ રોજ સાંજે ભદ્રમાં આવેલી ગુજરાત ક્લબમાં જતા, ત્યાં નગરના અગ્રણી ધારાશાસ્ત્રીઓ તથા નગરના અગ્રેસરો સાથે સંપર્કમાં રહેતા તથા ટેનિસની રમત રમતા. સાથોસાથ તેઓ અમદાવાદના અગ્રણી સામયિકો અને સાપ્તાહિકોમાં આરોગ્ય અને શરીર-સ્વાસ્થ્ય અંગેના લેખો લખતા.

## લેખનપ્રવૃત્તિ વિકસાવી

તેઓ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (હાલની ગુજરાત વિદ્યાસભા)ના સભ્ય હતા અને તેની કારોબારી સમિતિમાં ચૂંટાયા હતા. તેમણે વર્નાક્યુલર સોસાયટીના આજીવન સભ્યપદ માટે સ્ત્રીઓ તથા શિક્ષકો ફક્ત એકાવન રૂપિયા ભરી આજીવન સભ્યપદ પ્રાપ્ત કરી શકે તેવો નિયમ પણ કરાવ્યો હતો.

એમના ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના સંપર્ક કાળમાં તેમણે લગભગ આઠ પુસ્તકો સને ૧૮૯૨ થી ૧૯૦૮ના ગાળામાં લખ્યાં જેની યાદી નીચે પ્રમાણે છે :

(૧) દારૂ - સને ૧૮૯૨

(૨) સાધારણ પદાર્થોનું રસાયણ - સને ૧૮૯૭

(૩) હિંદુસ્તાનનાં ગામડાંઓની આરોગ્યતા - સને ૧૮૯૭

(૪) ઘરઘરમાં વપરાતી ચીજોનું રસાયણ - સને ૧૮૯૯

(૫) અકસ્માત વખતે મદદ અને ઈલાજ - સને ૧૯૦૦

(૬) નવરાશના સમયમાં ગમ્મત સાથે જ્ઞાન - સને ૧૯૦૧

(૭) માંદાની માવજત - સને ૧૯૦૧

(૮) લોકોપયોગી શરીરવિદ્યા - સને ૧૯૦૮

ડૉ. નીલકંઠરાયનાં આ આઠ પુસ્તકો અંગે "ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઈતિહાસ" નામના ગ્રંથના વિભાગ-૨માં નીચે પ્રમાણે નોંધ પ્રમાણિત થઈ છે :

"ડૉ. શ્રી નીલકંઠરાયનાં આઠ પુસ્તકો પ્રાપ્ત થાય છે તે સઘળાં સામાન્ય જનતાને ઉદ્દેશીને લખાયેલાં છે. તે જુદા જુદા વિષય પર જ્ઞાન, બોધ અને ઉપયોગી માહિતીવાળાં છે. રોગ મટાડવો, તેના કરતાં રોગ થતો મૂળથી અટકાવવો, એ સૂત્રને અનૂલક્ષીને જનતાને શરીરવિષયક તેમજ રોગ નિવારણ અને માંદગી દરમિયાન દર્દીની માવજત કેવી રીતે કરવી અને અકસ્માત વખતે હાંફળા-ફાંફળા ન થતાં, કેવા ચાંપતા ઈલાજો ગ્રહણ કરવા, એ વિષે ઉપર્યુક્ત માહિતી આપવા, 'માંદાની માવજત' કે લોકોપયોગી 'શરીર વિદ્યા',

'અકસ્માત વખતે મદદ અને ઈલાજ' અને 'હિન્દુસ્તાનનાં ગામડાંઓની આરોગ્યતા' એ નામનાં પુસ્તકોમાં એમણે સારો પ્રયાસ કર્યો છે અને તેમના જ્ઞાન પ્રચારના પ્રયત્નો ખરેખર સ્તુતિપાત્ર છે.'' ''વળી, ઘર વપરાશની ચીજોનું શાસ્ત્રીય રીતે અવલોકીને, તેમાં રહેલ રહસ્ય અને હેતુ સમજાવવા અર્થે લખાયેલાં એમનાં બે પુસ્તકો 'ઘરમાં વપરાતી ચીજોનું રસાયણ' તથા 'નવરાશના સમયમાં ગમ્મત સાથે જ્ઞાન' એ લેખકની એ વિષયો ચર્ચવાની અને સમજાવવાની કુનેહ આશ્ચર્ય પમાડે છે.''

## નશાબંધીની પ્રવૃત્તિ આરંભી

ગાંધીયુગનાં ગુજરાતનાં પ્રસ્થાન થયાં તે પૂર્વે તેમણે, તેમના યહુદીમાં ડૉક્ટર મિત્ર ડૉ. જૉસેફ બેન્જામીનના સહયોગમાં ''ટેમ્પરન્સ સોસાયટી'' (મદ્યનિષેધક મંડળ) સ્થાપ્યું હતું. તેના ઉપક્રમે મેજીક લેન્ટર્ન અને સ્લાઈડ્ઝ દ્વારા દારૂનાં દૂષણો પ્રજા સમક્ષ રજૂ કરી તેનાથી શરીરને, કુટુંબને અને પરિવારની આર્થિક અવદશા થાય છે તેનો તાદૃશ ચિતાર આપતા. વળી કાવ્યો, વાર્તાલાપ અને પ્રવચનોથી તેના પ્રચારમાં પૂર્તિ કરતા. તેમનું 'દારૂ' વિષે એક પ્રવચન પુસ્તિકારૂપે પ્રકાશિત થયું અને તેને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ પારિતોષિક અર્પી નવાજ્યું.

તેઓના નિવાસસ્થાન અને મોસાળની ઘાસીરામની પોળ વચ્ચે ખાડિયાની ગોલવાડ આવેલી છે. આ ગોલવાડમાં રહેતા ગોલા (રાણા) ભાઈઓ દારૂના વ્યસનમાં ખૂબ સપડાયેલા હતા. પુરુષો દારૂ પીને લથડિયાં ખાતા, અપશબ્દો બોલતા અને સ્ત્રી-બાળકોને મારઝૂડ કરતા. રોજના દેખાતા આ દૃશ્યોથી દ્રવિત થઈને તેમણે મદ્યનિષેધ પ્રવૃત્તિનું કેન્દ્ર ખાડિયા ગોલવાડમાં ઊભું કર્યું અને પ્રચાર તેમજ સમજાવટથી મોટાભાગના પુરુષોને દારૂ છોડાવ્યો.

એમની આ દારૂનિષેધ પ્રવૃત્તિની નોંધ લેતાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના ઈતિહાસ નામના ગ્રંથ-૨માં તેનો ઉલ્લેખ છે. ''એમનું વિશેષ ધ્યાન ખેંચે તેવું કાર્ય તે દારૂનિષેધ પ્રચારનું છે. પ્રસ્તુત વિષય ઉપર આપેલું તેમનું ભાષણ એટલું બધું અસરકારક નીવડેલું હતું કે તે સમયમાં તેની બે આવૃત્તિઓ છપાઈ હતી. એ વ્યાખ્યાનમાં દારૂડિયાની સ્થિતિ વર્ણવતી થોડીક પંક્તિઓ તેમણે શ્રી દુર્લભજી શ્યામજી ધ્રુવની રચનામાંથી લીધી હતી તે ઉતારીશું.''

"ભરી બજારે ભોંય પડે, તે નશા તણો કરનારો;
મા - બાપનું માન ઘટાડે, વણ મોતે મરનારો;
યારો ! દારૂ દુઃખ દેનારો...

પૈસો એકે રહે નહીં પાસે, પછી ફેર ફટકારો;
ચોરી, જૂઠ ને જુગારનો, રાતદિન રમનારો;
યારો ! દારૂ દુઃખ દેનારો...

દારૂની હાજત લાગી તો, નહીં પછે હઠનારો;
પૈસા માટે પલક એકમાં, પ્રાણ તણો લેનારો;
યારો ! દારૂ દુઃખ દેનારો..."

વળી, નવા અંગ્રજી શિક્ષણને કારણે નવોદિત અંગ્રેજી શિક્ષિતવર્ગમાં પણ અંગ્રેજ પ્રજાનું આંધળું અનુકરણ કરવાને કારણે દારૂની બદી દેખાવા લાગી હતી. તે માટે તેમણે 'વ્યસની વકીલ' નામની એક પત્રિકા છપાવીને આ બદીમાં સપડાયેલા શિક્ષિતવર્ગને પણ ચેતવ્યો હતો.

## આંખની તકલીફનો આરંભ

એક દિવસ ૧૮૯૧માં નિત્યની દિનચર્યાના ભાગરૂપે તેઓ ભદ્રની ગુજરાત ક્લબમાં ટેનિસની રમત રમતા હતા ત્યારે પ્રતિસ્પર્ધી રમતના સાથીએ રેકેટથી મારેલો ટેનિસબૉલ એક ને બદલે બેની સંખ્યામાં દેખાયો અને તે બે દડાનો ભાસ કંઈક મૂંઝવણભર્યો તેમને લાગ્યો. આ કારણથી આ સજાગ તબીબને શંકા ગઈ કે મારી આંખમાં કોઈ ખામી ઊભી થઈ છે. તેમણે અમદાવાદ તથા મુંબઈના નેત્રચિકિત્સાના ડૉક્ટરો પાસે આંખની તપાસ કરાવી. આ બધા તબીબોને તેમાં કાંઈ ખાસ ક્ષતિ ન જણાઈ અને નિદાન કર્યું કે 'આંખે બેંતાલા આવ્યાં છે અને દૃષ્ટિની શક્તિ ઘટી છે.' ડૉ નીલકંઠરાયને આ નિદાનથી સંતોષ ન થયો, પરંતુ આ નવા પ્રવેશેલા નેત્રરોગને કારણે તેમની સદાની લેખનપ્રવૃત્તિ અટકી યા ધીમી પડી ગઈ.

તેઓ લંડનના તબીબી ક્ષેત્રના પ્રખ્યાત સામયિક લેન્સેટમાં જે લેખો નિયમિત મોકલતા તેનો ક્રમ થંભી જતાં તે સામયિકના તંત્રીએ તેમને લેખો મોકલવા તાકીદ કરી. આપી તેમણે પત્ર લખીને પોતાની આંખની તકલીફની

સંપૂર્ણ વિગતો લેન્સેટના તંત્રીને લખીને ઇંગ્લૅન્ડના નેત્રરોગ નિષ્ણાતોના અભિપ્રાય મેળવવા વિનંતી કરી. ડૉ. નીલકંઠરાયે પોતે કરેલ નિદાન મુજબ કોઈ નેત્રના મજ્જાતંતુની કાર્યક્ષમતા ઘટવાને કારણે દૃષ્ટિમાં ફેરફાર થયાની 'એટ્રોપી ઑફ ઓપ્ટીક નર્વ' નામે તબીબી શાસ્ત્રમાં ઓળખાતો વ્યાધિ પોતાને લાગુ પડ્યાની શંકા વ્યક્ત કરી હતી.

લેન્સેટ સામયિકના તંત્રીએ ડૉ. નીલકંઠરાયે મોકલેલી વિગતોને આધારે લંડનના નિષ્ણાતોનો અભિપ્રાય મેળવ્યો. આ નિષ્ણાતોએ ડૉ. નીલકંઠરાયે સ્વરોગના કરેલા નિદાનને સમર્થન આપ્યું અને જણાવ્યું કે આ રોગ બેંતાલાનો નથી પણ ત્વરિત ગતિએ અંધાપો લાવવાની શક્યતાઓથી ભરેલો 'એટ્રોપી ઑફ ઓપ્ટિક નર્વ' નામનો રોગ હોવાની પૂરી સંભાવના છે. ડૉ. નીલકંઠરાયે આ નિદાનને સ્વીકાર્યું, તે અંગે ભારતમાં શક્ય હોય તે તમામ તબીબી ઈલાજો શરૂ કર્યા પણ તે ઈલાજોની અસર આ વધતા જતા રોગને ડામવા અસમર્થ નીવડી અને તેમને પોતાને પણ ધીમે ધીમે અંધાપો આવતો દેખાવા લાગ્યો.

## અંધાપાને કારણે નોકરીમાંથી નિવૃત્તિ

આ કારણે તેમણે અમદાવાદના સિવિલ સર્જન ડૉ. ક્વીકની પાસે લાંબી રજા માટે અરજી કરી. ડૉ. ક્વીકે સને ૧૮૯૨માં સ્થાનિક ડૉક્ટરોની કમિટી પોતાના અધ્યક્ષતામાં નીમી અને ડૉ. નીલકંઠરાયની આંખો તપાસી, ચડતા પગારે એક વર્ષ માટેની તેમની રજા મંજૂર કરી. આ ગાળામાં નેત્રરોગે હરણફાળ વેગે તેમની આંખનો ભરડો લીધો એટલે તેમણે એક વર્ષની રજા પૂરી થાય તે પહેલાં જ નોકરીમાંથી રાજીનામું લખી દીધું. સિવિલ સર્જને રાજીનામું સ્વીકારી લીધું અને માસિક રૂપિયા ૨૭નું પેન્શન બાંધીને તેમને નોકરીમાંથી છૂટા કર્યા.

## ઘોર નિરાશામાં ઘેરાઈ ગયા

ડૉ. નીલકંઠરાયે સિવિલ હૉસ્પિટલમાં સર્જન તરીકે, અધ્યાપક તરીકે તથા હૉસ્ટેલમાં ગૃહપતિ તરીકે જે વફાદારી અને નિષ્ઠાપૂર્વક નોકરી કરી હતી તેમજ તેમનો હોદ્દો આસીસ્ટન્ટ સર્જન કક્ષાનો હોવા છતાં તેમને પગારના ધોરણે ઘણું ઓછું પેન્શન મળ્યું, તેથી તે ખૂબ જ હતાશ થયા. તેમને લાગ્યું કે જે નિષ્ઠા અને પ્રામાણિકતાથી જીવના ઉત્તમ વર્ષો સિવિલ હૉસ્પિટલને આપ્યાં તેની કદર ન જ થઈ. તેમના ત્રણે પુત્રોનું શિક્ષણ હજી પૂરું થયું

ન હતું અને પુત્રીનાં લગ્ન પણ બાકી હતાં તથા ઘરખર્ચનો બોજો આટલા ટૂંકા પેન્શનથી નિભાવી શકાય તેમ ન હતું. આ બધી ચિંતાઓ તેમને કોરી ખાવા લાગી. તેમના સુદૃઢ શરીર સાથેના કાળા વાળ ધોળા થવા લાગ્યા, પરંતુ નીલકંઠરાયે આ આપત્તિ પાછળ કુદરતનો કોઈ છૂપો સંકેત હશે તેવી શ્રદ્ધા છોડી નહીં.

## મિત્રોએ આપેલી હિંમત

તેમના ઘોર અંધકારમય જીવનના નાજુક તબક્કામાં તેમના તબીબી કૉલેજના એક પારસી સહાધ્યાયી ડૉ. નાણાંવટીએ તેમને ખૂબ હૂંફ અને હિંમત આપ્યાં અને સન્મિત્ર તરીકે સતત કામગીરી બજાવી. આ પારસી મિત્રે તેમને હિંમત આપવા અંગ્રેજ અંધ કવિ મિલ્ટનની ઉક્તિ રજૂ કરી –

"It is not miserable to be blind,

It is miserable to be incapable of enduring blindness."

અર્થાત્ ''અંધાપો આવવો તે દુઃખ કે દયાપાત્ર થવા યોગ્ય નથી,

પરંતુ અંધાપો જીરવવાની અશક્તિ એ જ દુઃખ કે દયાપાત્ર છે.''

## અંધજન શિક્ષણ માટેની પૂર્વતૈયારીઓ

ડૉ. નાણાવટી તથા તેમની જ્ઞાતિના અમદાવાદ પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના આચાર્ય રા. સાહેબ માધવલાલ હરિલાલ દેસાઈએ ડૉ. નીલકંઠરાય સમક્ષ પશ્ચિમના દેશોમાં નેત્ર ગુમાવનાર માટે શિક્ષણ અને સેવાની ચાલતી પ્રવૃત્તિઓનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું તેમજ અંધજનો માટે વાંચવા-લખવા શોધાયેલી બ્રેઇલ લિપિની માહિતી આપીને આવા કોઈ સેવાક્ષેત્રમાં લાગી જવા સતત અનુરોધ કર્યો અને એ રીતે અંધાપાનું દુઃખ ભૂલી જવા માનસિક રીતે સજ્જ કર્યા. ડૉ. નાણાવટીએ રણછોડલાલ છોટાલાલ ડિસ્પેન્સરીમાંથી ડૉ. નીલકંઠરાયને સિવિલ હૉસ્પિટલમાં લઈ જનાર તે સમયના સિવિલ સર્જન ડૉ. જહૉન રીબ જેઓ લંડનમાં નિવૃત્ત જીવન ગાળતા હતા તેમનો સંપર્ક સાધ્યો અને ડૉ. નીલકંઠરાયની નેત્રહીનતા-દૃષ્ટિ ગુમાવ્યાની વિસ્તારથી જાણ કરી, તેમજ ઇંગ્લૅન્ડમાં અંધજનો માટેની પ્રવૃત્તિઓ, શિક્ષણ તથા બ્રેઇલ લિપિની માહિતી આપતું સાહિત્ય મોકલવા વિનંતી કરી. આ ગાળામાં ભારતમાં આ પ્રકારનું સાહિત્ય કે માહિતી ઉપલબ્ધ ન હતી. ડૉ. જહૉન

રીબે ડૉ. નાણાવટીએ જણાવેલું સઘળું સાહિત્ય તો મોકલ્યું.

જ, સાથે સાથે ડૉ. નીલકંઠરાયના લંડનના સામયિક ‘લેન્સેટ’માં અવારનવાર લખેલા લેખોની હકીકતનો સહારો લઈ તથા તેના તંત્રીની ભલામણથી લંડનના ‘રોયલ ઇન્સ્ટિટ્યુટ ફોર ધી બ્લાઇન્ડ’ દ્વારા અંગ્રેજીમાં ઉપલબ્ધ અંધજન શિક્ષણ માટેનું સાહિત્ય, બ્રેઇલ લિપિના ગ્રંથો તથા ભવિષ્યમાં આ સંસ્થા દ્વારા પ્રગટ થતું સાહિત્ય વિનામૂલ્યે ડૉ. નીલકંઠકાયને મળતું રહે તેવી યોજના પણ કરાવી.

## રોયલ ઇન્સ્ટિટ્યુટ ઑફ બ્લાઇન્ડની સહાય

લંડનથી મળેલા સાહિત્ય તથા તે દ્વારા મળેલા પ્રોત્સાહનથી ડૉ. નીલકંઠરાય યુવાન વયે આવેલા અંધાપાના વિશાદમાંથી અને તેમાંથી ઉત્પન્ન થતા ભગ્ન હૃદયના ભાવોમાંથી મુક્ત થયા અને તેમણે ભારતમાં આ વણખેડાયેલા ક્ષેત્રમાં ખૂંપી જવાનો મનોમન નિર્ણય કર્યો. તેમણે અંગ્રેજી બ્રેઇલ લિપિનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. વળી, તેમણે પી.આર.ટ્રેનિંગ કૉલેજના આચાર્ય શ્રી માધવલાલ દેસાઈ, નડિયાદ સરકારી હાઈસ્કૂલના આચાર્ય અને મિત્ર શ્રી દત્તાત્રય ગુપ્તે તથા પોતાના લઘુબંધુ હરિપ્રસાદ છત્રપતિ જે અમદાવાદની તે સમયની વિખ્યાત નેટિવ હાઈસ્કૂલ (જે પાછળથી જે. એલ. હાઈસ્કૂલ તરીકે આળખાઈ) તેના આચાર્ય હતા તેમની સાથે સતત ચર્ચા કરીને અંગ્રેજી બ્રેઇલલિપિ ઉપરથી ગુજરાતી ભાષાને ક્યા પ્રકારની બ્રેઇલલિપિ અનુકૂળ થશે તેની શબ્દેશબ્દની, મૂળાક્ષરોની અને તેના ઉચ્ચારો સાથેની વિચારણા કરી. દોઢ વર્ષના સતત પરિશ્રમ પછી ડૉ. નીલકંઠરાયે ગુજરાતી તથા દેવનાગરી લિપિ આધારિત મરાઠી અને હિંદી ભાષાને અનુરૂપ થાય તેવી બ્રેઇલ લિપિ યોજી.

## અંધજન શિક્ષણ માટે બ્રેઇલલિપિનું નિર્માણ

ડૉ. નીલકંઠરાયે આ લિપિ શોધીને પોતાનું કાર્ય સમાપ્ત ન કર્યું, પણ આ નવી લિપિ દ્વારા અમદાવાદમાં અંધ બાળકોને શિક્ષણ આપવા સને ૧૮૯૪માં ખાડિયા અમૃતલાલની પોળના પોતાના મકાનમાં કોઈ દાનવીર, સંસ્થા કે સરકારની મદદની અપેક્ષા રાખ્યા વગર પ્રથમ અંધશાળા શરૂ કરી, આ શાળામાં અંધ વિદ્યાર્થીઓને પોતે યોજેલી બ્રેઇલ લિપિ દ્વારા વાંચતાં શીખવવા માંડ્યું તથા તેની સાથે સંગીત, નેતરગૂંથણ તથા સીવણની પણ

તાલીમ આપવા માંડી.

## આર્થિક મુશ્કેલીઓ

આ નવા સાહસ માટે પ્રગતિશીલ ગણાતા વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ પાસે શાળાનો ખર્ચ ઉપાડવા માંગણી કરી. જો કે તેમની માંગણી પૂર્ણ રીતે ન સ્વીકારાઈ પણ થોડીક આર્થિક મદદ મળી. અમદાવાદમાં એકાકી વીરની હેસિયતથી સમાજના સંકુચિત પ્રત્યાઘાતી આકરી ટીકાથી ચ્યુત થયા વગર તેમણે શાળાની પ્રગતિ માટે પાછી પાની ન કરી. રૂઢિચુસ્ત પ્રારબ્ધવાદી અગ્રણીઓ ડૉ. નીલકંઠરાયના આ સાહસને મૂર્ખામીમાં ખપાવવા હતા. તેઓ કહેતા, ''પૂર્વજન્મનાં કર્મ આધીન આ જન્મમાં ભગવાન અંધાપો આપે તેણે મન વાળીને ઈશ્વરભક્તિમાં મન પરોવી બરદાસ્ત કરવામાં જ ડહાપણ છે, તેથી પોતાના અંધાપામાં-લાકડીના ટેકારૂપ થાય તેવી પૂંજીને આવા ગાંડા તરંગી સાહસમાં વેડફી ન નાંખવી જોઈએ.'' આવી મનોદશા ધરાવતા બહુજન સમાજમાંથી ધર્મસ્થાનો, યજ્ઞહવનો માટે તેના મઠપતિઓ કે ગાદીપતિઓને છૂટથી અપાતા ધનના ઢગલામાંથી આ સંસ્થાને ભાગ્યે જ કોઈ આર્થિક સહાય મળતી. તેથી ડૉ. નીલકંઠરાય પોતાને મળતા જૂજ પેન્શનમાંથી ખૂબ કરકસરથી અને આર્થિક તંગી ભોગવીને કુટુંબની જરૂરિયાતના ભોગે આ શાળા ચલાવતા હતા. આવા સામા પ્રવાહે તરવા જેવા દુષ્કર આ નવતર પ્રયોગમાં ધીમે ધીમે પ્રજાને રસ પડવા લાગ્યો અને થોડાક વધુ અંધ બાળકો આ શાળામાં આવવા લાગ્યા. વિદ્યાર્થીઓની સંખ્યા વધતાં પોતાના ઘરમાંથી અંધશાળાના ઓરડા નાના પડવા લાગ્યા અને તેથી તેમણે ભદ્રમાં આવેલી વર્નાક્યુલર સોસાયટીની ઈમારતના ભોંયતળિયાનો ભાગ અંધશાળાના ઉપયોગ માટે માગ્યો. સદ્‌ભાગ્યે તે સમયની ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સંચાલન કમિટીના સભ્યો દીર્ઘદૃષ્ટિવાળા અને સમાજઉત્કર્ષની ખેવનાવાળા હતા તેથી તે સંસ્થાએ ડૉ. નીલકંઠરાયની માંગણી સ્વીકારી. ભોયતળિયું વગર ભાડે અંધશાળા માટે આપ્યું.

## સમાજના પ્રત્યાઘાતો

મુંબઈ રાજ્યના શિક્ષણ નિયામક તરીકે તે સમયે શ્રી જાઈલ્સ નામના એક ઉચ્ચ કોટિના શિક્ષણશાસ્ત્રી હતા. તેમણે ડૉ. નીલકંઠરાયની અંધશાળાનું ખૂબ રસપૂર્વક નિરીક્ષણ કર્યું અને તેમના આ નવતર પ્રયોગથી પ્રભાવિત

થયાં. તેમણે રાજ્ય સરકારમાં આ શાળાને અનુદાન માટે ભલામણ કરી, પરંતુ સરકારે તે માંગણી ન સ્વીકારી. આ કારણે નજીકના ભવિષ્યમાં તેમની અંધશાળાને કોઈ આર્થિક સહાય મળે તેવી શક્યતા નહીંવત્ દેખાઈ. વળી, જે અંધ વિદ્યાર્થીઓ આ શાળામાં આવતા તેઓ આર્થિક રીતે નિમ્ન સામાજિક સ્તરના હોવાથી કોઈ જાતની ફી આપી શકે તેમ ન હતા. નીલકંઠરાયના આ પ્રયોગ તરફ અશ્રદ્ધાથી જોનાર વર્ગ એમ કહેતો, ''કોટે ઘંટીનું પડ બાંધીને તરવા પડ્યો છે તેથી તે ડૂબીને જ રહેશે.''

ડૉ. નીલકંઠરાયની અંધશાળા એ કેવળ એક સેવાપ્રવૃત્તિ જ હતી, કોઈ આર્થિક આવકનો ખ્યાલ એની પાછળ હતો નહીં. કુટુંબના નિભાવ માટે રૂપિયા સત્તાવીસનું માસિક પેન્શન અને પોતાની અગાઉની એકઠી કરેલી ૨૦,૦૦૦/- રૂપિયાની મૂડીના વ્યાજ સિવાય બીજી કોઈ આવક ન હતી, આથી શાળાના સંચાલન માટેના આર્થિક પાસાનો ખ્યાલ નીલકંઠરાયને હચમચાવી દેતો. ઈશ્વર પણ સદ્કાર્ય માટે પૂરી કસોટી કર્યા પછી જ નવી આશાનું દ્વાર ખોલે છે.

## આર્થિક વિટંબણાનો અંત

એ જ અરસામાં અમદાવાદમાં 'જ્યુબિલી મિલ્સ' નામે એક નવી મિલ ઊભી થઈ. એમના સ્થાપકની ભલામણથી નીલકંઠરાયે પોતાના રૂ. વીસ હજારની જૂની બચત એ મિલની મેનેજિંગ એજન્સીના શેરોમાં રોકી. જો કે એ મિલ ખાસ કાંઈ પ્રગતિ કરી શકી નહિ પણ પછી એનો વહીવટ અમદાવાદની ખ્યાતનામ પેઢી મગનભાઈ કરમચંદના એક નબીરા અને સી. એન. વિદ્યાવિહારના સ્થાપક તથા ગુજરાત રાજ્યનાં ભૂતપૂર્વ શિક્ષણમંત્રી ઈન્દુમતીબેન શેઠના પિતા શ્રી ચિમનભાઈએ સંભાળ્યા પછી એ મિલે સારી પ્રગતિ કરી. ડૉ. નીલકંઠરાયને ત્યાર પછી રોકેલા નાણાંનું સારું વ્યાજ મળવા લાગ્યું. આગળ જતાં ડૉ. નીલકંઠરાય એ મિલના ડિરેક્ટર પણ નીમાયા જે સ્થાને તેઓ પોતાના અવસાન સુધી રહેલા. આ પદે આવ્યા પછી એમણે મિલ કામદારોના ઉત્કર્ષ માટે પણ કેટલીક યોજનાઓ અમલમાં મૂકાવી હતી. આર્થિક ચિંતા ઘટવાને કારણે હવે તેઓ પોતાની અંધશાળામાં વધુ લક્ષ આપવા લાગ્યા. તેને વધુ સારી બનાવવા નીલકંઠરાયે અમૃતસરમાં સ્થાપાયેલી એક અંગ્રેજ મિશનરી મિસ શેરીફની અંધશાળાની મુલાકાત લઈ તેની કાર્ય

પદ્ધતિનો અભ્યાસ કર્યો તેમજ મીસ શેરીફે યોજેલી બ્રેઇલ લિપિનો પરિચય પણ કર્યો.

## મુંબઈની વિકટોરિયા મેમોરિયલ શાળાના આચાર્ય પદે

સન ૧૯૦૧માં ઇંગ્લૅન્ડની લોકપ્રિય મહારાણી ક્વીન વિક્ટોરિયાનો સ્વર્ગવાસ થયો. ભારતના નાગરિકોના હૃદયમાં આદર્શ મહારાણીનું સ્થાન પામેલાં આ મહારાણીના અવસાન પછી તેમનું યથાયોગ્ય સ્મારક કરવા મુંબઈના નગરજનોએ તેમની સ્મૃતિમાં અંધજનો માટેની શિક્ષણ સંસ્થા સ્થાપવાનો નિર્ણય કર્યો. મુંબઈની આ નવી "ક્વીન વિક્ટોરિયા મેમોરિયલ સ્કૂલ ફોર ધ બ્લાઈન્ડ"ના સંચાલન માટે કોઈ યોગ્ય માણસની જરૂરિયાત ઊભી થઈ. મુંબઈ રાજ્યના શિક્ષણ નિયામક શ્રી જાઈલ્સ જેઓ પોતે ડૉ. નીલકંઠરાયની અમદાવાદની અંધશાળાથી પ્રભાવિત થયા હતા, તેમણે મુંબઈની આ નવી શાળાના વહીવટકર્તાઓને શાળાના સંચાલન માટે ડૉ. નીલકંઠરાયને નિયુક્ત કરવા જોરદાર ભલામણ કરી. આ શાળાના સંચાલકોએ આથી ડૉ. નીલકંઠરાયનો સંપર્ક સાધ્યો અને તેમને નવી જવાબદારી લેવા વિનંતી કરી. પ્રથમ તો પોતે તન તોડીને સ્થાપેલી અમદાવાદની અંધશાળા સમેટી લઈને મુંબઈ જવાના વિચારને સમર્થન આપ્યું નહિ, તેમજ અમદાવાદના અંધવિદ્યાર્થીઓ રખડી પડશે એવી દહેશત રજૂ કરી. જો કે મુંબઈના શાળા સંચાલકોએ ખાતરી આપી કે અમદાવાદની અંધશાળાના બધા વિદ્યાર્થીઓને મુંબઈની શાળામાં કોઈ પણ પ્રકારની ફી લીધા સિવાય રહેવા-જમવાની પૂરી સગવડ સાથે સમાવી લેવાશે. પરંતુ ડૉ. નીલકંઠારાયનું મન અમદાવાદ છોડીને મુંબઈ જવા માન્યું નહીં.

મુંબઈનું કાર્યક્ષેત્ર વધુ વિસ્તૃત હોઈ એમને ત્યાં વધુ વ્યાપક સેવાક્ષેત્ર મળતું હતું. વળી ત્યાંની આર્થિક સ્થિતિ સદ્ધર હતી, ને સરકારી સહાય પણ મળે તેમ હતી જેનાથી યોગ્ય સાધન-સામગ્રી વસાવીને અંધજનો માટે વધુ સારું કામ કરી શકાય તેમ હતું. આ બધા લાભ શ્રી જાઈલ્સે નીલકંઠરાયને સમજાવ્યા. લાંબી વાટાઘાટો ચાલી અને અંતે અમદાવાદની શાળાના પોતાના તમામ વિદ્યાર્થીઓને મુંબઈની શાળામાં ત્યાંના ખર્ચે સમાવી લેવાની શરતે તેઓ મુંબઈ જવા તૈયાર થયા અને એ રીતે સને ૧૯૦૧માં મુંબઈ વિક્ટોરિયા મેમોરિયલ સ્કૂલ ફોર ધ બ્લાઈન્ડનું આચાર્ય પદ તેઓએ સ્વીકાર્યું. થોડા જ

સમયમાં તેમના પ્રયત્નોથી શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા સતત વધવા માંડી અને તેની ખ્યાતિ દેશભરમાં ફેલાઈ ગઈ.

## અંધ વિદ્યાર્થીઓની રોજીનો પ્રશ્ન

અંધશાળાના અનુભવોમાં ડૉ. નીલકંઠરાયે જોયું કે સંગીત શીખેલા અંધ વિદ્યાર્થીઓને સંગીત શિક્ષણનું કામ આછુંપાતળું મળી રહેતું, પરંતુ નેતરકામ, વણાટકામ વગેરે શીખેલા અંધને જલદી કામ મળતું નહીં, જેને પરિણામે તેને ભીખનો આશ્રય લેવો પડતો. ડૉ. નીલકંઠરાય આથી વ્યથિત રહેતા. એમને પોતાના કાર્યની અધૂરપ લાગતી. પોતાની આ વ્યથા અન્ય સાથી કાર્યકરો સમક્ષ પ્રગટ કરી. તેમાંના એક સદ્‌ગૃહસ્થ શીવલાલ મગનલાલે બીજા સામાજિક કાર્યકરોને મળીને એનો માર્ગ કાઢ્યો. તેને પરિણામે સને ૧૯૦૭માં લેમિંગન્ટન રોડ ઉપર અંધજનો માટે એક ઉદ્યોગગૃહ શરૂ કરવામાં આવ્યું. ત્યાં અંધજનોને જે આવડે તે કામ આપવાની અને એ રીતે થતા ઉત્પાદનનું સમાજમાં વેચાણ કરી આપવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી. આ કામ બદલ અંધજનોને વેતન પણ અપાતું. આરંભમાં આ ઉદ્યોગગૃહને પણ આર્થિક મુશ્કેલીઓ વેઠવી પડી. વાંદરાના એક ધનિક ગૃહસ્થ નરસિંહરાવ શિવાજી પોતાની માતાના અંધાપાથી પ્રેરાઈ અંધજનો માટે મોટું દાન આપવા ઇચ્છતા હતા. તેમને મળીને નીલકંઠરાયે ઉદ્યોગગૃહ માટે માતબર દાન મેળવ્યું અને તેને પગભર કર્યું.

## અંધજનો માટે કેન્દ્રીય રાષ્ટ્રીય સંસ્થાની સ્થાપના

ઈ.સ.૧૯૧૯માં સી.જી. હેન્ડરસન નામના એક અંગ્રેજ સનદી અમલદારે ભારતમાં અંધજનો માટે ઇંગ્લૅન્ડની ‘રોયલ ઈન્સ્ટિટ્યુટ ફોર ધી બ્લાઈન્ડ’’ જેવી સંસ્થા સ્થાપવાનું વિચાર્યું. ડૉ. નીલકંઠરાય સાથે વિચારવિનિમય કર્યો અને એ જ વર્ષમાં ‘બ્લાઈન્ડ રિલીફ ઍસોસિયેશન’ની સ્થાપના થઈ, આ નવી સંસ્થાએ મુંબઈના અંધજનો માટેના ઉદ્યોગગૃહનો હવાલો સંભાળી લીધો. ડૉ. નીલકંઠરાયની પ્રેરણાથી નરસિંહરાવ શિવાજીના કુટુંબે રૂપિયા પચાસ હજારનું દાન આપ્યું. આ સંસ્થાએ સુરત, ચાલીસગાંવ, વલસાડ, વસઈ વગેરેમાં અંધજન સહાય કેન્દ્રો શરૂ કર્યાં. વલસાડમાં તો અંધજનો માટે ખાસ હૉસ્પિટલ પણ સ્થપાઈ. બીજી બાજુ, નીલકંઠરાયના સંચાલન હેઠળની વિક્ટોરિયા મેમોરિયલ અંધશાળા દેશભરમાં પ્રખ્યાત બની ગઈ, એને પગલે પગલે ઈ.સ. ૧૯૦૬માં મૈસૂરમાં પણ એક અંધશાળા સ્થપાઈ, જ્યાં

ડૉ. નીલકંઠરાયની રચેલી બ્રેઇલ લિપિના સિદ્ધાંતને અનુસરતી બ્રેઇલ લિપિ પણ અપનાવવામાં આવી.

## દીપ સે દીપ જલે

અંધજનોના હિતાર્થે થતી પ્રવૃત્તિઓમાં ખૂંપી ગયેલા ડૉ. નીલકંઠરાયની જ્ઞાતિના અને સ્વજન સમા શ્રી પ્રાણશંકર લલ્લુભાઈ દેસાઈ નામના શિક્ષકનો બીજા નંબરનો દેખાવે ખૂબ સુંદર અને શરીરે હૃષ્ટપુષ્ટ પુત્ર જન્મથી બહેરો-મૂંગો હતો. શ્રી પ્રાણશંકરે ડૉ. નીલકંઠરાયના અંધજન શિક્ષણ ક્ષેત્રના અગાધ જ્ઞાનને કારણે તેમનો સંપર્ક સાધીને જન્મથી બહેરા-મૂંગા બાળકોના શિક્ષણ માટે કોઈ જોગવાઈ છે કે નહીં તેની પૂછપરછ કરી. ડૉ. નીલકંઠરાયે શ્રી પ્રાણશંકરભાઈને મુંબઈ બોલાવીને વિદેશમાં બહેરામૂંગાના શિક્ષણ માટે જે જે પ્રવૃત્તિઓ ચાલતી હતી તેની વિસ્તૃત માહિતી આપી. સાથે સાથે ટકોર પણ કરી, ''ભાઈ પ્રાણશંકર ! ઈશ્વરે ભરજુવાનીમાં મારી આંખો લઈને મને વણખેડાયેલા અંધજન શિક્ષણક્ષેત્રે ખૂંપી જવા નિમિત્ત બનાવ્યો છે, તેમ ઈશ્વરે તમને પણ બહેરા-મૂંગો પુત્ર આપીને બહેરા-મૂંગાના શિક્ષણક્ષેત્રમાં ખૂંપી જવા ઈશારો કર્યો લાગે છે.'' શ્રી પ્રાણશંકરભાઈએ ડૉ. નીલકંઠરાયની આ સલાહ 'જ્યોત સે જ્યોત જલે' એ ન્યાયે માથે ચઢાવી, શિક્ષકની નોકરીમાંથી રાજીનામું આપ્યું. બહેરા-મૂંગા શિક્ષણના ઉપલબ્ધ સાહિત્યનો અભ્યાસ કર્યો અને સને ૧૯૦૭માં પોતાના ખાડિયા ગોલવાડની ભાણસદાવ્રતની પોળના નિવાસસ્થાનમાં પોતાના બહેરા-મૂંગા પુત્ર ઈન્દુકુમારને પ્રથમ વિદ્યાર્થી બનાવી ગુજરાતની પ્રથમ બહેરા-મૂગાંની શાળા શરૂ કરી. ડૉ. નીલકંઠરાયની સમાજના વિકલાંગ વર્ગના ઉત્કર્ષ માટેની વિચારધારાનું આ ઉજળું પાસુ છે. ૧૯૧૭માં મુંબઈ સરકારે બહેરામૂંગાના શિક્ષણ માટે નીમેલી તપાસ સમિતિમાં સભ્ય તરીકે ડૉ. નીલકંઠરાયની નિમણૂક કરી.

આંખો ગુમાવ્યા પછી નીલકંઠરાયે વોટ્સના 'ઇકોનોમિક પ્રોડક્ટ્સ ઑફ ઈન્ડિયા'' નામના એક પ્રમાણભૂત અંગ્રેજી ગ્રંથનું અધ્યયન કરીને ''ભારતના કાચા માલનું અર્થતંત્ર'' નામની નોંધરૂપ પુસ્તિકા લખી હતી જે તેમની સર્વતોમુખી પ્રતિભાનું દર્શન કરાવે છે. એ જ અરસામાં અમદાવાદમાં બહેરા-મૂંગા તથા અંધજનોને સહાય કરવા રચાયેલા એક મંડળના તેઓ પ્રમુખ બનેલા અને તે ક્ષેત્ર માટે નક્કર તથા વાસ્તવિક કાર્યક્રમ ઘડી આપેલો.

## નાગરી લિપિ પર આધારિત બ્રેઈલ લિપિ માટેના પ્રયાસો

જનસેવાના ભેખધારી ડૉ. નીલકંઠરાયે નિઃસ્વાર્થ ભાવે અનેક લોકોપયોગી કાર્યો ઉપાડ્યાં અને સફળતાથી પાર પાડ્યાં હતાં પણ રાષ્ટ્રજોગ એમની સહુથી વધુ મહત્ત્વની દેણગી તો એમણે મૌલિક સંશોધન વડે રચેલી નાગરી લિપિ પર આધારિત બ્રેઈલ લિપિ જ ગણી શકાય.

મુંબઈની વિક્ટોરિયા મેમોરિયલ અંધશાળાનું સંચાલન કરવાને કારણે શ્રી નીલકંઠરાય ભારતભરમાં અન્ય સ્થળોએ ચાલતી અંધશાળાની કાર્યવાહી જેવી કે અભ્યાસક્રમ, બ્રેઈલલિપિ વગેરેના સંપર્કમાં આવ્યા. તેની સાથે જ તેમના મનમાં એક વિચાર ઉદ્ભવ્યો કે તે સમયે ભારતમાં જુદા જુદા સ્થળોએ ચાલતી અંધશાળાની શિક્ષણપદ્ધતિમાં વિવિધ પ્રકારની બ્રેઈલલિપિને કારણે એકસૂત્રતા સાધી શકાતી નહોતી, અને વિશેષતઃ યુરોપની બ્રેઈલ લિપિમાં લખાયેલા સાહિત્યનો પરિચય કેળવી શકાતો ન હતો અને તેથી કૂપમંડુકતા જેવી સ્થિતિ અનુભવાતી હતી. તેથી તેઓ ભારતની જુદી જુદી બ્રેઈલ લિપિઓમાં એકસૂત્રતા આવે અને તે દ્વારા યુરોપની બ્રઈલ લિપિનો પરિચય કેળવી શકાય એવું કાંઈક કરવા માંગતા હતા.

## અંધજન શિક્ષણ ક્ષેત્રની તે સમયની પરિસ્થિતિ

અલબત્ત, એમણે આ કાર્ય હાથ ધર્યું ત્યારે દેશમાં ખ્રિસ્તી મિશનરીઓ પણ જુદે જુદે સ્થળે અંધશાળાઓ ચલાવતા જ હતા અને એ માટે તેઓએ પણ પોતાની સમજ, શક્તિ તથા જે તે પ્રદેશની ભાષાના પોતાના જ્ઞાનને અનુસરીને આગવી બ્રેઈલ લિપિઓ રચી હતી. એમાં હિન્દી, ઉર્દૂ ને ગુરુમુખી ભાષાના વિદ્યાર્થીઓ માટે અમૃતસરની મિસ શેરીફની લિપિ અને દક્ષિણમાં ખ્રિસ્તી મિશનરી કુ. એક્સવીથ તથા નોલ્સ અને ગર્થવેઈટ્સની દક્ષિણની ભાષાઓને અનુરૂપ ‘ઓરિએન્ટલ બ્રેઈલ લિપિ’ ઠીક ઠીક પ્રચલિત હતી. પણ ડૉ. નીલકંઠરાયની અને મિસ શેરીફની લિપિ ઉચ્ચાર આધારિત સંજ્ઞાક્ષરોવાળી હોઈ જુદી જુદી પ્રાંતિય ભાષાઓમાં સમાન ઉચ્ચારો માટે સમાન સંકેતોવાળી હોઈ વધુ ઉપયોગી બની શકે તેમ હતી. આ રીતે નીલકંઠરાયની લિપિ મરાઠી અને ગુજરાતી ભાષા માટે સ્વીકારાઈ હતી જ્યારે મિસ શેરીફની લિપિ હિંદી, ઉર્દૂ અને ગુરુમુખી માટે વપરાતી હતી. આ ઉપરાંતની બીજી લિપિઓ મુખ્યત્વે જે તે ભાષાના મૂળાક્ષરો પર આધારિત

સંજ્ઞાવાળી હોવાથી એક ભાષાની લિપિ શીખેલો અંધ બીજી ભાષાની લિપિ ઉકેલી શકતો નહીં.

મુંબઈમાં પણ બે પ્રકારની બ્રેઈલ લિપિ ચાલતી હતી અને એથી એક શાળાના પાઠ્ય પુસ્તકો બીજી શાળામાં કામ લાગતાં નહીં. વળી, સરકારે દહેરાદૂનમાં અંધજનો માટે પુસ્તકો તૈયાર કરવાનું એક ખાસ છાપખાનું સ્થાપ્યું હતું. તેમાં જુદી જુદી લિપિઓનું છપાઈનું કામ ઘણું કપરું અને મોટું બની જતું હોઈ એને પહોંચી વળવું મુશ્કેલ હતું. આથી ઈ.સ. ૧૯૧૭માં મુંબઈ સરકારે અંધ માણસોના શિક્ષણની વિચારણા કરવા એક પરિષદ યોજી. ત્યારે તેમાં જુદી જુદી બ્રેઈલ લિપિઓની ગુણવત્તા, આવશ્યકતા ને એમના એકીકરણનો પ્રશ્ન પ્રમુખ બની રહેલો. ડૉ. નીલકંઠરાયે એમાં અગ્રેસર ભાગ લીધો હતો.

## બ્રેઈલ લિપિ અંગે

હવે આપણે આ બ્રેઈલ લિપિ શું છે ? તેનો ઉદ્ભવ કેમ થયો ? તથા ભારતની આ ક્ષેત્રમાં પ્રવર્તતી સ્થિતિ કેવા પ્રકારની હતી તે જોઈએ. અંધશાળામાં ભણતો કોઈ પણ અંધ વિદ્યાર્થી પોતાની આંગળીના ટેરવાના સ્પર્શથી મૂળાક્ષર અને ભાષા સમજી શકે છે તે સુવિદિત છે. જાડા કાગળ કે પૂંઠા ઉપર ઉપસાવેલી ટપકાંની વિવિધતા તથા તેની સમૂહ-રચનાથી બનતી સ્પર્શ લિપિને બ્રેઈલ લિપિ કહે છે.

ફ્રાન્સમાં સને ૧૮૦૯માં લૂઈ બ્રેઈલ નામની અંધ વ્યક્તિએ સૌ પ્રથમ ઉપસાવેલાં છ ટપકાં દ્વારા આ લિપિનો પ્રારંભ કર્યો. તેની આ લિપિને પણ ૧૮૫૪માં તેના મૃત્યુના બે વર્ષ પછી જ સ્વીકૃતિ મળી. આ બ્રેઈલ લિપિના ભારતના ઈતિહાસ માટે ‘વર્લ્ડ બ્રેઈલ યુસેજ’માં નીચે પ્રમાણેનો ઉલ્લેખ જોવા મળે છે : “ભારતમાં અંધ શિક્ષણ ક્ષેત્રે સહુ પ્રથમ ખ્રિસ્તી મિશનરીઓએ બ્રેઈલ લિપિનો ઉપયોગ કર્યો. તામિલનાડુના પાલમકોટા વિસ્તારમાં અંધત્વ ક્ષેત્રે કામ કરતાં કુમારી એક્સવીથે ૧૮૯૦માં તામીલભાષી અંધજનો માટે બ્રેઈલ લિપિનો ઉપયોગ કર્યો. તે પછી પૂનામાં ચર્ચ ઑફ સ્કોટલૅન્ડ દ્વારા શરૂ કરાયેલી અંધજનોની શાળા માટે મરાઠી ભાષા માટે સર્વ શ્રી નોલ્સ તથ ગ્રેથરાઈટ્સ નામના મિશનરીઓએ ૧૯૦૨માં બ્રેઈલ લિપિ યોજી. આ જ ગાળામાં સને ૧૮૯૨-૯૪માં અમદાવાદના ડૉ. નીલકંઠરાયે પણ ભારતની

નાગરી લિપિ આધારિત ગુજરાતી, મરાઠી તથા હિન્દી ભાષામાં ઉપયોગી કરી શકાય તેવી બ્રેઇલ લિપિ યોજી અને તેનો પ્રથમ ઉપયોગ અમદાવાદની અંધશાળામાં અને પછી મુંબઈનું વિક્ટોરિયા મેમોરિયલ શાળામાં કર્યો. આમ, આ સમય દરમિયાન ભારતમાં જુદે જુદે સ્થળે જુદી જુદી આઠ બ્રેઇલ લિપિઓ પ્રચલિત હતી. આ વિવિધતાવાળી જુદી જુદી બ્રેઈલ લિપિઓને કારણે ભારતમાં અંધ શિક્ષણમાં પ્રગતિ થતી ન હતી.''

ડૉ. નીલકંઠરાયે એક નિવેદનમાં જણાવ્યું કે, ''હું માનું છું કે વિશ્વમાં એક સરખી યુનિવર્સલ બ્રેઇલ લિપિ સ્વીકારાશે તો જ એક જ મંચ ઉપરથી આપણે પૂર્વ તથા પશ્ચિમની ભાષાઓ માટે સમાન બ્રેઇલ લિપિ યોજી શકીશું. અલબત્ત, તે માટે ભારતીય પ્રચલિત બ્રેઇલ લિપિઓમાં અહીંતહીં થોડા ફેરફારો કરવા પડશે. દરેક ભાષાના સ્વરોમાં બોલાતા શબ્દો એક પદ્ધતિમાં મૂકવા પડશે. આમ થતાં અંધજનોને એમ લાગશે કે તેમની શારીરિક વિકલાંગતા મોટે ભાગે દૂર થશે અને તેઓ બ્રેઇલ લિપિની બોટ દ્વારા જ્ઞાનપ્રાપ્તિના તોફાની સમુદ્રો તરી શકશે.''

પરંતુ ડૉ. નીલકંઠરાય જેવી આદર્શ પરિસ્થિતિના નિર્માણની આવશ્યકતા સ્વીકારતા પાદરી નોલ્સ તે માટે પોતાની લિપિમાં લેશમાત્ર ફેરફાર કરવા તત્પર ન હતા. જો તેમણે ડૉ. નીલકંઠરાયના મંતવ્યને સમર્થન આપ્યું હોત તો આ પ્રશ્ન ૧૯૦૧માં ઉકલી ગયો હોત.

ડૉ. નીલકંઠરાયે દેશભરની જુદી જુદી અંધશાળાના સંચાલકોનો સંપર્ક સાધી બ્રેઇલ લિપિમાં એકસૂત્રતા લાવવા અનેક પ્રયત્નો કર્યા અને તે માટે વિચારવિનિમય કરવા બેથી ત્રણવાર પરિષદો પણ યોજી. પરંતુ દરેક કેન્દ્રનાં સંચાલકોના પોતાની લિપિ સંપૂર્ણ છે એવા દુરાગ્રહને કારણે તેમના જીવનકાળ દરમિયાન ધાર્યું પરિણામ લાવી શક્યા નહીં.

સને ૧૯૪૦માં ભારત સરકારના શિક્ષણ વિભાગના વડા સર જહૉન સર્જન્ટે આ કામ માટે શિક્ષણશાસ્ત્રીઓની એક ખાસ પરિષદ બોલાવી અને ભારત માટે એક સર્વસામાન્ય બ્રેઇલ લિપિ યોજવા ઉપર ભાર મૂક્યો. આ પરિષદે એક પેટા સમિતિ નીમીને મરાઠી બ્રેઇલ લિપિને આદર્શ ગણી તે પ્રમાણે ભારતીય બ્રેઇલ લિપિ યોજવા ભલામણ કરી. પરંતુ આ ભલામણ સ્વીકારવા અંગે ઉગ્ર મતભેદો ઊભા થયા.

સને ૧૯૪૯માં કેન્દ્ર સરકારે આ ગૂંચવાયેલા પ્રશ્નના નિરાકરણ માટે યુનેસ્કોનો આશ્રય લીધો. તે સમયના શિક્ષણ મંત્રાલયના સચિવ પ્રો. હુમાયુ કબીરે યુનેસ્કોના ડિરેક્ટર જનરલને ભારતીય બ્રેઇલ લિપિ અંગેના પ્રર્વતતા વિવાદના પ્રશ્નને ઉકેલવા આગ્રહ કર્યો.

## રાષ્ટ્રીય બ્રેઇલ લિપિનું નિર્માણ

સને ૧૯૫૧માં બીરૂતમાં યુનેસ્કોની યોજાયેલી બેઠકમાં વિશ્વની એક બ્રેઇલ લિપિ માટેની આવશ્યકતા સ્વીકારી. આ નિર્ણય ભારતની બ્રેઇલ લિપિઓની ભિન્નતા દૂર કરવામાં ખૂબ ઉપયોગી નીવડ્યો. સર ક્લોથ મેજેન્સીઝના અધ્યક્ષતાવાળી યુનેસ્કોની બેઠકમાં મુંબઈના બ્રેઈલ લિપિના નિષ્ણાત શ્રી આર.એમ. આલ્પાઈવાળાએ ડૉ. નીલકંઠરાયની અંગ્રેજી બ્રેઇલ લિપિની જેમ મૂળાક્ષરના ઉચ્ચારો સાથે સીધો સંબંધ ધરાવતી લિપિ જ ભારતીય ભાષા માટે અનુકૂળ થઈ શકે તેવું જોરદાર સમર્થન કર્યું અને ભારતીય ભાષાઓ તથા વિશ્વની બ્રેઇલ લિપિઓ સાથે સુંદર સમન્વય ધરાવતી ડૉ. નીલકંઠરાયની ભારતીય લિપિને ઉચિત સ્થાન અપાયું. ત્યારથી તે લિપિ **"ડૉ. નીલકંઠરાય ભારતીય બ્રેઇલ"** તરીકે ઓળખાતી થઈ.

ડૉ. નીલકંઠરાયના જીવનકાળ દરમિયાન અને તે પછી સને ૧૯૨૨, ૧૯૪૦, ૧૯૪૩ તથા ૧૯૪૯માં ભારતની જુદી જુદી બ્રેઇલ લિપિઓના સ્થાને એક ભારતીય બ્રેઇલ લિપિ માન્ય કરવાનો પ્રશ્ન ઉકેલાયો ન હતો પરંતુ તેમના મૃત્યુ (સને ૧૯૨૨) પછી ૨૯ વર્ષે એટલે કે ૧૯૫૧માં સમગ્ર ભારત અને વિશ્વના અંધજનો માટે સેતુરૂપ થાય એવી ડૉ. નીલકંઠરાય ભારતીય બ્રેઇલ લિપિનો ભારતમાં અને વિશ્વમાં સ્વીકાર થયો જે સમગ્ર ભારતીય અંધજન શિક્ષણક્ષેત્રની કાર્યવાહીમાં એક યશસ્વી કલગી સમાન છે એટલું જ નહીં પણ એમની સ્મૃતિને ચિરંજીવ કરવા સમર્થ છે.

## દિનચર્યા તથા કૌટુંબિક જીવન

ડૉ. નીલકંઠરાયનું જીવન શિસ્ત અને નિયમબદ્ધ હતું. સાદગી અને ઉચ્ચ આદર્શોની મોસાળમાં મળેલી તાલીમનું એમણે જીવનભર પાલન કર્યું હતું. રોજ સવારે ૫-૦૦ કલાકે જાગીને, પ્રાતઃકર્મથી પરવારી, થોડી કસરત કર્યા પછી તેઓ નિયમિત ગીતાપાઠ કરતા. તે પછી મુંબઈમાં રહ્યા ત્યાં સુધી હાથમાં મોટી લાકડી પકડી નિયમિત દરિયા કિનારે ફરવા જતા. ત્યાર બાદ બ્રેઇલમાં

લખાયેલાં ગ્રંથોના અધ્યયન અને અંધ શિક્ષણ ક્ષેત્રે વિશ્વમાં થતી પ્રવૃત્તિઓથી તે ક્ષેત્રના સામયિકોના અહેવાલોના અભ્યાસ દ્વારા માહિતગાર થતા હતા. ખાનપાનમાં તેઓ સંપૂર્ણ મિતાહારી અને નિયમિત હતા. રાત્રે નવ-સાડા નવે સૂઈ જતા.

ઘરમાં નોકરચાકર રાખ્યા વગર સ્ત્રીઓ બધું જ કામ જાતે કરી લે તેના આગ્રહી હતા. તેમની જ્ઞાતિના સમારંભોમાં અવારનવાર ચિંતા વ્યક્ત કરતા, "નવી પેઢીની સ્ત્રીઓમાં આરોગ્યનું ધોરણ કથળતું જાય છે. આપણાં ઘરોમાંથી મામો (ખાયણો) અને મામી (ઘંટી)ને મોસાળમાં મોકલવાથી સ્ત્રીઓમાં હિસ્ટીરીયા અને એનિમિયા જેવા રોગો આવ્યા છે. સ્ત્રીઓ શારીરિક રીતે સુદઢ અને તંદુરસ્ત બને તો જ ભાવિ પ્રજા સુદઢ બને." સ્ત્રીઓને શિક્ષણમાં પૂરતી તક આપવામાં માનતા. તેઓ જ્યારે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની કારોબારીમાં હતા ત્યારે તે સંસ્થામાં સ્ત્રીઓની આજીવન સભ્ય ફી રાહત દરે અડધી કરવા અનુરોધ કર્યો હતો.

અંધજનોને સમાજમાં પ્રતિષ્ઠા મળે તે માટે પોતે પોતાના પરિવાર કે જ્ઞાતિમેળામાં તેમજ જાહેર સમારંભોમાં થોડા અંધ વિદ્યાર્થીઓને પણ સાથે લઈ જતા અને શિષ્ટ સમાજમાં ભેળવતા. જ્યારે તેઓ મુંબઈથી અમદાવાદ આવતા ત્યારે તેમની પ્રેરણાથી અમદાવાદમાં સ્થપાયેલી શ્રી પ્રાણશંકર લલ્લુભાઈ દેસાઈ સંચાલિત બહેરામૂંગાની શાળામાં અચૂક જઈ એ ક્ષેત્રના શિક્ષણ માટે સલાહસૂચનો કરતા તેમજ તે શાળામાં અંધજનોના શિક્ષણ માટેનો વિભાગ શરૂ કરવા માટે દબાણ કરતા. તેના ફળસ્વરૂપે તે પછી બહેરામૂંગા શાળા સોસાયટીએ અંધશાળાની સ્થાપના કરી એટલું જ નહીં તે ક્ષેત્રના શિક્ષકો તૈયાર કરવા તાલીમી શાળા પણ શરૂ કરી. તેમના સતત આગ્રહથી મુંબઈ રાજ્ય સરકારે અંધ શાળામાં અભ્યાસ કરતા પ્રત્યેક છાત્રને માસિક રૂપિયા ત્રીસનું અનુદાન આપવાનો ઠરાવ કર્યો હતો.

## ગાંધીયુગનો પ્રભાવ

ગાંધીયુગનાં મંડાણ અને ગાંધીજી અમદાવાદમાં સ્થાયી થયા ત્યારે તેઓ ગાંધીજીના પ્રશસંક બન્યા. પોતાના કાર્યમાંથી તેઓ રાજકારણમાં ભાગ લેવા જેટલો સમય કાઢી શક્યા નહીં પણ તેમણે આજીવન ખાદી અપનાવી હતી. ઉત્તરાવસ્થામાં તેમની ત્રણ ચાર વર્ષની દોહિત્રી કુસુમ પાસે, "ધીરે ધીરે ચાલે

રે, મારો રેંટિયો''નું ગીત વારંવાર ગવરાવતા.

## પુત્રોના શિક્ષણ-ચારિત્ર્ય ઘડતર માટેની સજાગતા

પોતાના ત્રણ પુત્રોના ઉછેર તથા શિક્ષણમાં ધ્યાન આપતા. સુદૃઢ શરીર માટે પૌષ્ટિક ખોરાક તથા સાદા અને સુઘડ પહેરવેશ માટે આગ્રહ રાખતા. તેમના ત્રણે પુત્રો મુંબઈની જે શાળામાં અભ્યાસ કરતા તે શાળામાં ઘણા વિદ્યાર્થીઓ મોટા દાક્તર, વકીલ, સરકારી અધિકારીઓ તથા ઉદ્યોગપતિઓ જેવા ઊંચા સ્તરમાંથી આવતા. તેમનાં બાળકો રિસેસના સમયે છૂટે હાથે પૈસા વાપરતા અને બહારથી ખાવાની ચીજો ખરીદતા. ડૉ. નીલકંઠરાય પોતાની મર્યાદિત આવકને કારણે પુત્રોને હાથખર્ચીના વધારે પૈસા આપતા નહીં. તે કારણે તેમનામાં લઘુતાગ્રંથિ પેદા ન થાય તે માટે તેઓ પુત્રોને બહારની ખાવાની ચીજો કેવી અસ્વચ્છ અને શરીરને નુકસાનકર્તા છે તેવું સમજાવી રોજ હાથખર્ચી માટે એક રૂપિયો આપતા.

એક દિવસ તેમના વચેટ પુત્રને સૂચન કર્યું કે જો હું તને રોજ એક રૂપિયો અને હાથ રૂમાલ આપું છું પણ જો તું મહિનાના અંતે પાછો આપે તો ખરો. આવી રીતે પુત્રોના બાળમાનસમાં રૂપિયાનું સાચું મૂલ્ય અને મનફાવે તેમ વેડફી નાંખવા જેવો નથી તથા તેની ચીવટપૂર્વક સાચવણી માટેના મનોનિગ્રહની કેળવણી આપતા.

સને ૧૯૨૦ પછી તેમની તબિયત નાદુરસ્ત રહેવા લાગી. અવારનવાર બીમાર પડતા. ૧૯૨૨ના સપ્ટેમ્બરની ૧૧મી તારીખે લાંબી માંદગી પછી અમદાવાદ ખાડિયા અમૃતલાલની પોળના તેમના નિવાસસ્થાને અવસાન પામ્યા.

## પ્રગતિશીલ શિક્ષિત પરિવાર

એમના ભાઈઓ અને પુત્ર-પુત્રીઓએ પણ વિવિધ ક્ષેત્રે આગવી પ્રતિભાઓ દાખવી હતી. જેમાંથી એમના બીજા પુત્ર મણિભદ્રે વકીલાત ઉપરાંત પિતાના અંધ શિક્ષણના કાર્યને ઉપાડી લઈ આગળ ધપાવ્યું હતું અને એ બદલ ૧૯૭૦માં અંધજન સેવા માટેનું 'બૅરિસ્ટર આલ્પાઈનવાલા પારિતોષિક' પણ મેળવ્યું હતું. પિતાના સાદગી અને કરકસરના બોધથી એમણે પોતાની કમાણીમાંથી રૂ. ૫૦,૦૦૦ /- નું દાન આપીને અમદાવાદમાં અંધ

કન્યા પ્રકાશગૃહની સ્થાપના કરાવેલી. આમ, ડૉ. નીલકંઠરાયે એક આદર્શ જીવનનું ઉદાહરણ પૂરું પાડીને સમાજને અનેક પ્રકારની દેણગીથી ઉપકૃત કર્યો છે. સને ૧૮૯૪માં અંધ શિક્ષણની જ્યોત પ્રગટાવીને એમણે અનેકના જીવનમાં પ્રકાશ પાથર્યો છે.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના ઈતિહાસ વિભાગ-૨માં તેના સંપાદક સ્વ. હીરાલાલ ત્રિ. પારેખે તેમના જીવનની સાચી સમીક્ષા કરતાં લખ્યું કે “લોક સેવાનાં કાર્યો વધુ પ્રમાણમાં અને મોટા વિસ્તારમાં કરવાને શક્તિમાન થાય તે આગમચ એમનાં રત્ન રૂપી નેત્રો ગુમાવી બેઠા. એમના ઉપર જબરી આપદ્ આવી પડી. એ બુદ્ધિશાળી અને વિચક્ષણ પુરુષ અને આશાવાદી હતા. ઘોર નિરાશામાં ડૂબી ન જતાં, પ્રભુમાં શ્રદ્ધા રાખીને ધૈર્ય અને પુરુષાર્થ વડે આફતમાંથી એમણે અંધ શિક્ષણનો લાભ અન્યને આપવા અંધશાળા ખોલી. મુંબઈની વિક્ટોરિયા સ્કૂલ ફોર ધ બ્લાઈન્ડ સ્થાપવામાં એમનો મુખ્ય હાથ હતો. આવા ઉદ્યમી, ચારિત્રવાન અને પુણ્યશાળી પુરુષનું જીવનવૃત્તાંત વિગતવાર લખાય તો જરૂર રસભર્યું અને બોધદાયક નીવડે.”

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના મુખપત્ર બુદ્ધિપ્રકાશમાં તેમની મૃત્યનોંધ દ્વારા સ્વર્ગસ્થને અંજલિ આપતાં લખાયું છે કે “જો ગુજરાતી ભાષામાં કોઈ લેખક અંગ્રેજી ભાષાના લેખક શ્રી સ્માઈલ્સની માફક ફરજ, આત્મશ્રદ્ધા, ઉન્નત ચારિત્ર્ય અને ધ્યેયનિષ્ઠા માટે લખે તો ડૉ. નીલકંઠરાયનું જીવન પૂરતી સામગ્રી પૂરું પાડી શકે.”

## અંધજન ઉત્કર્ષ ક્ષેત્રે અનોખું આદાન-પ્રદાન

જે દેશમાં મોટા ભાગની પ્રજા અંધાપાને પૂર્વજન્મના પાપના ફળરૂપે સ્વીકારવાની મનોદશામાં ડૂબેલી હતી અને અંધજનોને ઉપેક્ષિત અને અપમાનિત સ્થિતિમાં રાખી સમાજ પાસે ભીખ મંગાવી જીવતો રાખવા માંગતી; તે સમયમાં ડૉ. નીલકંઠરાયે ઉપનિષદના મંત્ર “તમસો મા જ્યોતિર્ગમય”ને જીવનમાં આત્મસાત્ કરી આપણાં નેત્રહીન ભાઈબહેનોને ઊંડા અંધારામાંથી પ્રકાશના પંથે દોરી જવાનું ધ્યેય સમર્પિત ઋષિ જેમ કાર્ય કર્યું, એટલું જ નહીં પણ અમદાવાદ, ગુજરાત તથા ભારતમાં અંધજન કલ્યાણ ક્ષેત્રના ધ્રૂવતારક સમા લૂઈ બ્રેઈલ તથા હેલન કેલર સમાન ચિરંજીવ સ્થાન પ્રાપ્ત કર્યું.

આ રીતે સ્વ. નીલકંઠરાયે આજથી એકસો વર્ષ અગાઉ પ્રગટાવેલો જ્ઞાનદીપ સો વર્ષ પછી પણ એટલો જ દેદિપ્યમાન બન્યો છે. ડૉ. નીલકંઠરાયની સ્મૃતિમાં અમદાવાદની અંધ કલ્યાણ કેન્દ્ર સંસ્થાએ લાયન્સ ક્લબ ઑફ નોર્થના સંયુક્ત ઉપક્રમે ઈ.સ. ૧૯૭૭માં અંધજન સેવાક્ષેત્રે નોંધપાત્ર સેવા આપનારને ડૉ. નીલકંઠરાય છત્રપતિ ઍવોર્ડ આપવની શરૂઆત કરી હતી. સને ૧૯૯૩થી આ એવોર્ડ આપવાની સઘળી જવાબદારી અંધ કલ્યાણ કેન્દ્ર-અમદાવાદે સ્વતંત્ર રીતે હાથ ધરી છે.

ડૉ. નીલકંઠરાયના જીવનનો મારો પ્રથમ વિસ્તૃત લેખ ૧૯૭૮ના એપ્રિલ માસના કુમાર સામયિકમાં પ્રગટ થયો હતો. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળે ગુજરાતી વાચનમાળામાં ૧૯૮૩માં સ્વ. નીલકંઠરાયના જીવન અંગેનો "અંધજન સેવાનો ભેખધારી" નામનો પાઠ લીધો હતો. કટાર લેખક શ્રી રજનીકુમાર પંડ્યાએ ગુજરાતી આવૃત્તિ ટાઈમ્સ ઑફ ઇન્ડિયામાં તથા પોતાના અન્ય એક સંગ્રહમાં ડૉ. નીલકંઠરાયનું જીવનચરિત્ર સમાવ્યું છે. આમ, ડૉ. નીલકંઠરાયના જીવનના થોડા અંશોને છેલ્લા થોડાક વર્ષોથી પ્રસિદ્ધિ મળી છે. આજે ડૉ. નીલકંઠરાયની કલ્પના મુજબ અંધજનોને સમાજમાં સ્વીકૃતિ મળવા લાગી છે. અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ ૧૯૬૮થી પ્રાથમિક શાળાના સંગીત શિક્ષકો તરીકે અંધજનોને અગ્રિમતાથી નોકરી આપવાનું સ્વીકાર્યું છે. કેન્દ્ર તેમજ રાજ્યની 'વિકલાંગો' માટે નોકરીઓ મળે તેવી ખાસ જોગવાઈઓ થઈ છે. ગુજરાતમાં અમદાવાદમાં ચાર જેટલી અંધજનો માટેની સંસ્થાઓ તેમજ નજદીકના ઉવારસદ ગામે, નડિયાદ, સુરત, વડોદરા, ભાવનગર, રાજકોટ જેવા અનેક સ્થળોએ અંધશાળાઓ તેમજ તાલીમકેન્દ્રો શરૂ થયાં છે. બ્રેઇલ લિપિનાં પુસ્તકાલયો સ્થપાયાં છે તથા ઘણા અંધજનો વિશ્વ વિદ્યાલયની પદવીઓ મેળવતા થયા છે. ડૉ. નીલકંઠરાયની એક શતાબ્દી પહેલાંની ખેવના આજે સાર્થક થઈ છે તે તેમની સાચી શ્રદ્ધાંજલિ છે.

❖❖❖

## ડૉ. નીલકંઠરાય છત્રપતિ ઍવોર્ડ

ગુજરાતમાં સૌ પ્રથમ અંધશાળાના સ્થાપક અને અંધજનો માટે ભારતીય ભાષાઓ માટે નાગરી લિપિ આધારિત બ્રેઇલ લિપિના શોધક ડૉ. નીલકંઠરાય છત્રપતિની પાવન સ્મૃતિમાં અંધત્વ સેવા ક્ષેત્રે શ્રેષ્ઠ કાર્ય કરવા બદલ અંધ કલ્યાણ કેન્દ્રના ઉપક્રમે અર્પણ થયેલા ઍવોર્ડ વિજેતાઓની યાદી.

| વર્ષ | ઍવોર્ડ વિજેતા | સ્થળ |
|---|---|---|
| ૧૯૭૭ | ડૉ. રાજેન્દ્ર ટી. વ્યાસ | મુંબઈ |
| ૧૯૭૮ | ડૉ. જગદીશ સી. પટેલ | અમદાવાદ |
| ૧૯૭૯ | કુમારી વિનોદાબેન દેસાઈ | અમદાવાદ |
| ૧૯૮૦ | શ્રી ભીખાભાઈ શાહ | રાજકોટ |
| ૧૯૮૧ | ડૉ. શિવાનંદ અધ્વર્યુ | રાજકોટ |
| ૧૯૮૨ | ડૉ. રમણિકભાઈ દોશી | ચીખોદરા |
| ૧૯૮૩ | શ્રી શાંતિભાઈ શાહ | રાજકોટ |
| ૧૯૮૪ | શ્રી સીરાજ બસરાઈ | સુરત |
| ૧૯૮૫ | શ્રીમતી સંતોકબેન બેંગાલી | રાજકોટ |
| ૧૯૮૬ | શ્રી હર્ષવદન મકીમ | અમદાવાદ |
| ૧૯૮૭ | શ્રી કાંતિલાલ જી. ગાંધી (મરણોત્તર) | અમદાવાદ |
| ૧૯૮૮ | પ્રા. રમણિકલાલ હાલારી | વિસનગર |
| ૧૯૮૯ | ડૉ. દ્વારકાદાસ જોષી | વડનગર |
| ૧૯૯૦ | શ્રી બાબુભાઈ બાબવાણી | અમરેલી |
| ૧૯૯૧ | ડૉ. વસંતભાઈ પરીખ | વડનગર |
| ૧૯૯૨ | શ્રીમતી શાંતાબેન નિમ્બાર્ક | માંગરોળ |
| ૧૯૯૩ | શ્રી સૂર્યકાંત સી.પરીખ | પાલનપુર |
| ૧૯૯૪ | ડૉ. મિહિર ડી. જોષી | વિસનગર |

| વર્ષ | ઍવોર્ડ વિજેતા | સ્થળ |
|---|---|---|
| ૧૯૯૫ | શ્રીમતી ભદ્રાબેન સતિયા | અમદાવાદ |
| ૧૯૯૬ | સ્વ. પંડિત મેઘાવ્રતજી રવિશંકર વ્યાસ (મરણોત્તર) | બોચાસણ |
| ૧૯૯૭ | ડૉ. વિનોદ પટેલ (સહયોગ ટ્રસ્ટ) | અમદાવાદ |
| ૧૯૯૮ | શ્રી ગૌતમભાઈ મજમુદાર (ઍડવોકેટ) | ધોળકા |
| ૧૯૯૯ | શ્રી ડૉ. ભારતીબહેન લવિંગીયા | અમદાવાદ |
| ૨૦૦૦ | શ્રી હર્ષદભાઈ જોષી | અમદાવાદ |
| ૨૦૦૧ | સ્વ. શ્રી જીતેન્દ્રભાઈ ગો. પટેલ કરુણા ટ્રસ્ટ (મરણોત્તર) | અમદાવાદ |
| ૨૦૦૨ | શ્રી ભૂષણ પુનાની અંધજન મંડળ | અમદાવાદ |
| ૨૦૦૩ | શ્રી ઈન્દુકુમારીબહેન કાન્તીલાલ ગાંધી | અમદાવાદ |
| ૨૦૦૪ | પ્રો. ભાસ્કરભાઈ મહેતા | ઈડર |
| ૨૦૦૫ | શ્રી ગોડળભાઈ વાઘાણી | અમરેલી |
| ૨૦૦૬ | શ્રી કિશોરભાઈ આસ્નાની | ડીસા |
| ૨૦૦૭ | શ્રી હર્ષદભાઈ શાહ | અમદાવાદ |

"કુદરતની બલિહારી ગણો કે વિધિનો સંકેત, પણ જે સળિયાએ લૂઈ બ્રેઇલની આંખો છીનવી લીધી તે સળિયા - સોયાનો ઉપયોગ કરીને તેમણે કાગળ પર કાણાં પાડીને એક એવી અદ્‌ભુત લિપિ વિકસાવી કે જેની મદદથી દુનિયાના લાખો અંધજનોને અજ્ઞાનના ઘોર અંધકારમાંથી જ્ઞાનના દિવ્ય પ્રકાશમાં પ્રવેશવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. લૂઈ ભલે આજે સદેહે આ ધરતી પર નથી, પરંતુ પોતાની અશરીરિણી વાણી અર્થાત્ બ્રેઇલ લિપિ દ્વારા તો એ વિશ્વભરમાં વિહરી રહ્યો છે અને સદીઓ સુધી વિહરશે. "

**– ચં. ચી. મહેતા**

(સ્વ. ડૉ. નીલકંઠરાયે, તેમના યહુદીમિત્ર, ડૉ. બેન્જામીન સાથે ગાંધીયુગના પ્રસ્થાન પૂર્વે - બે દાયકા પહેલાં મદ્યનિષેધ પ્રવૃત્તિના પ્રચાર માટે તૈયાર કરેલ, સાહિત્યિક કૃતિઓના આચમનરૂપે બે કૃતિઓ તથા અન્ય સાહિત્ય કૃતિઓના ટાઈટલ પેજ આ સાથે સમાવેશ કરેલ છે.)

શ્રીમાન્ મહારાજા સયાજીરાવ ગ્રંથમાળા, નં. ૮.

# अकस्मात वखते मदद अने इलाज.

રચનાર,

**ડૉકટર નીલકંઠરાય ડાહ્યાભાઈ છત્રપતિ.**

એલ. એમ. એન્ડ એસ.

"સ્ત્રી મિત્ર", "દારૂ વિષે નિબંધ", "ઘરગતુ રસાયણ",

"આરોગ્યતાનાં મૂળતત્વો" વગેરેના કર્ત્તા.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

**ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી** તરફથી

રા. રા. હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ, બી. એ.,

આસિ. સેક્રેટરી. અમદાવાદ.

આવૃત્તિ બીજી. નકલ ૫૦૦.

શ્રી "સત્યનારાયણ" પ્રિન્ટિંગ પ્રેસમાં

પટેલ મોતીલાલ કાળીદાસે છાપી.

ડીસ્ટ્રીક્ટ કોર્ટ પાસે—અમદાવાદ.

સન ૧૯૧૩.

કીમત ચાર આના.

શેઠ સોરાબજી જમસેદજી જીજીભાઇ ગ્રંથમાળા નં. ૧૯.

# नवराशना वखतमां गम्मत अने ज्ञान.

લખનાર,
ડૉ. નીલકંઠરાય ડાહ્યાભાઇ છત્રપતિ
એલ. એમ. એન્ડ એસ.
માજી આસિ. સરજન, અને શરીર તથા ઇંદ્રિય વિજ્ઞાન શાસ્ત્રના
શિક્ષક—અમદાવાદ મેડીકલ સ્કૂલ.
હાલ અંધશાળાના મુખ્ય શિક્ષક.
"સ્ત્રી મિત્ર", "માંદાની માવજત", "ઘરગતુ રસાયન", "લોકોપયોગી શારીરવિદ્યા" "અકસ્માત વખતે મદદ અને ઈલાજ" વગેરેના કર્તા.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
ગુજરાત વર્નાકયુલર સોસાઇટી—અમદાવાદ.

કિંમત ૦-૪-૦.

# ગૃહવ્યવસ્થા.

રચનાર

નીલકંઠરાય ડાહ્યાભાઈ, એલ. એમ. એન્ડ. એસ.

માજી આસીસ્ટંટ સરજન તથા બી. જે. મેડીકલ સ્કુલના
શારીરવિદ્યા અને ઇન્દ્રિયવિજ્ઞાનશાસ્ત્રના શિક્ષક, મું-
બઈ ઇલાકાની પહેલી અંધશાળાના વડા તથા
હિન્દુસ્તાનની કાચીદોલત વગેરેના કર્ત્તા.

તથા

છત્રપતિ હરિપ્રસાદ ડાહ્યાભાઈ, બી. એ.

અમદાવાદ ન્યુ ઇંગ્લિશ સ્કુલના શિક્ષક.
તથા ચરિત્રમાળા (મોગલસમય), દેશી
રમતો વગેરેના કર્ત્તા.

આવૃત્તિ પહેલી.

મળવાનું ઠેકાણું:—મેશર્સ. સાકરલાલ બુ-
લાખીદાસ અને કું. અમદાવાદ.

અમદાવાદ.

"રાજનગર ટાઇપ ફાઉન્ડરી પ્રીન્ટીંગ પ્રેસ."

સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે.

કિંમત. આના ૬.

# વ્યસની વકીલ

અને

# ગોલો રાણો.

પ્રગટ કરનાર.

નીલકંઠરાય ડાહ્યાભાઇ છત્રપતિ.

( છપ્પય વૃત. )

દારૂ પીધે પ્રાણ, બુદ્ધિ ત્હારી નિચ્ચ બનશે;
દારૂ પીધે પ્રાણ, કાયા તુજ વળી ગળશે;
દારૂ પીધે પ્રાણ, મુખ તુજ ખુબ ગંધાશે;
દારૂ પીધે પ્રાણ, હડધુત હડધુત થાશે;
દારૂ પીધે પ્રાણિયા હો ! વિશ્વાસે નવ કો ધરે;
સલાહ કોઈ પૂછે નહી, અમથો તું અથડી મરે.

આવૃત્તિ ૨ જી.

અમદાવાદ.
ધી રાજનગર ટાઈપ ફાઉન્ડરી પ્રીન્ટીંગ પ્રેસ.
સંવત ૧૯૬૪ સને ૧૯૦૮.

# વ્યસની વકીલ
# અને
# ગોલો રાણો

પ્રગટ કરનાર

**નીલકંઠરાય ડાહ્યાભાઈ છત્રપતિ**

(છપ્પય વૃત્ત)

દારૂ પીધે પ્રાણ, બુદ્ધિ ત્હારી નિચ બનશે;
દારૂ પીધે પ્રાણ, કાયા તુજ વળી ગળશે;
દારૂ પીધે પ્રાણ, મુખ તુજ ખૂબ ગંધાશે;
દારૂ પીધે પ્રાણ, હડધૂત્ હડધૂત થાશે;
દારૂ પીધે પ્રાણિયા હો ! વિશ્વાસે નવ કો ધરે;
સલાહ કોઈ પૂછે નહીં, અમથો તું અથડી મરે,

# વ્યસની વકીલ

તાપી નદીને કિનારે પ્રસિદ્ધ સુરત બંદર છે. એ બંદર મારફતે અગાડીના વખતમાં ઈરાન, અરબસ્તાન, યુરોપ, મિસરેદેશ, પૂર્વ આફ્રિકા વગેરેનો નિકાસ અને આયાત વેપાર હિંદુસ્તાન જોડે ચાલતો હતો. એ વેપારી શહેરમાં આજથી થોડાંક વર્ષ પર એક નિર્લજરાય અને તેના મિત્ર દુઃખેશ્વર રહેતા હતા. નિર્લજરાયની સ્ત્રીનું નામ ક્ષમાવતિ હતું અને તેની બે પડોશણોનાં નામ સુમતિ અને કુમતિ હતાં.

નિર્લજરાય મુસદ્દી વર્ગનો હતો અને તે કાયદાનો અભ્યાસ કરી વકીલાતી ભારે પરીક્ષા પાસ થયો હતો.

દુઃખેશ્વરના પિતા પ્રસિદ્ધ શાસ્ત્રી હતા અને તે ન્યાય મિમાંસા વગેરેથી વાકેફ હતા - પવિત્રતા, સદાચરણ એ આ કુટુંબમાં વાસ કરી રહ્યાં હતાં, પરંતુ આપણા દુઃખેશ્વર કુટુંબમાં કલંક રૂપ હતા અને તે દુઃખી થવામાં અને કરવામાં મજા માનતા. ક્ષમાવતિનો સ્વભાવ શાંત, મિલનસાર અને સહનશીલ હતો. સુમતિ સારી સલાહ આપી લોકોને સારે રસ્તે ચડાવવામાં જ મગ્ન રહેતી.

**દુઃખેશ્વર** : રાયજી (નિર્લજરાય) ચાલો ડાહ્યા ડમરા થઈ ફરવામાં શો માલ છે. ઘુવડની માફક છાનામાના ફરવું હરવું એમાં કાંઈ મજા નથી. ખાવું પીવું અને મજા મારવી એ જ પૈસાનો ખરો ઉદ્ભોગ છે. પેલા તમારા પાડોશી નકરાશાહ જૈ જૈ કરતા મુઆને લાખ રૂપિયા મેલી ગયા અને એમાં પૈં એમના કયા છોકરાએ એમની જોડે બંધાવી ?

**નિર્લજરાય** : ખરી વાત દુઃખેશ્વર ખાધું-પીધું તે બાપનું. ઈશ્વરે ઇંદ્રિઓ આપી છે તેનો ઉપભોગ ન કર્યો તો જીવ્યા અને ન જીવ્યા સરખા, હું તું ધારે છે એવો કાચો નછી. પેલા ફરામજી અને લોબોનોની યુરોપશોપમાં જઈ આપણે ખાનગી બટ્ટા ખોલીએ છીએ અને તે ઘડીની લેજત તારા જેવા બામણા શું સમજે ?

**દુઃખેશ્વર** : બેસો રાયજી બેસો તમે લોબોને ફરામજીને ત્યાં જઈ મજા કરો છો તો અમે બહેચરાજીના મંદિરમાં માતાને નૈવેદ કરી પાન કરીએ છીએ, તેની ગમ્મત ઓર જ છે. રાયજી પિયે તે પાય, ખાય તે ખવાડે, તમારી

મોંની બડાઈ અમે ન માનીએ.

**નિર્લજરાય** : કાલે ચાર વાગે કચેરીમાં આવજો પછી ત્યાંથી આપણે લોબોને ત્યાં જઈશું.

**દુઃખેશ્વર** : કાલે આપણે મળીશું પણ અત્યારે ચાલો આપણે ઘેર.

**નિર્લજરાય** : હા ચાલો ત્યારે. અહીં આવી મૂઢ જેવા બેસી રહેવું મને ગમતું નથી. જરા પ્યાલાનો ચમત્કાર તો બતાવો.

**દુઃખેશ્વર** : લ્યો રાયજી માતાજીનું નામ દઈ ગટગટાવી જાવ. અહા ! મારી તો ખાતરી થઈ કે રાયજી તમે તો રીઢા છો, પાણી પણ માગ્યું નહિ.

**નિર્લજરાય** : અમને તે બૈરાં જેવા કાંગા બાંગા ધાર્યા કે ! અમે પેલા બાયલા જેક્શન અને હિમતરાય જેવાં ચેમ્પિયન અને શેરી પીનારા નહિ, બ્રાન્ડી, બેવડો સ્ટઉટનો ગ્લાસ તો શું પણ બાટલી ચઢાવી જઈએ.

**દુઃખેશ્વર** : શાબાશ ફાંકડા, ચડાવવામાં તારાથી હઠું તેવો નથી. (બન્ને ચકચૂર થઈ ગાળા ગાળી ધમા ધમી કરવા લાગ્યા.)

**નિર્લજરાય** ઘર બહાર ઉતરી લથડિયાં ખાતો ગંધાતે મ્હોંએ ગંધાતા બોલ બોલતો ઘર તરફ ગયો.

**ક્ષમાવતિ** : અરે આ શું ? કાંઈ વિચાર તો કરો, ધનુ માંદી છે તેની પાસે બેસી આસના વાસના કરવાની વખતે આ કરી ક્યાંથી આવ્યા ?

**નિર્લજરાય** : શંખણી પાણી લાવ.

**ક્ષમાવતિ** : લ્યો પાણી, ઉપર જઈ છાનામાના સૂઈ રહેજો.

**નિર્લજરાય** : મારે સૂવું હશે તો સૂઈશ. તું મને શીખામણ દેનારી કોણ ? રાંડ ડાહ્યલી.

**ક્ષમાવતિ** : ઉપર જઈ સૂઈ જાવ તો સારું, ધનુની તબિયત સારી નથી, દાક્તર નિસાસો મૂકતા ગયા.

**નિર્લજરાય** : ભોગ તારા. મુઈ રાંડ તું અને તારી ધનુ ભોગ તારા અને તારા દાક્તરના. (એમ કહી એક બે લપડાકો જડાવવા જતાં ભોંય પર ચત્તાપાટ પડે છે.)

**ક્ષમાવતિ** : (ઓટલે આવી) બેન સુમતિ, બેન સુમતિ. જરા અહીં આવોને.

**સુમતિ** : એરે રે રે ! બોલવામાં કાંઈ માલ નથી.

**ક્ષમાવતિ** : બારણું બંધ કરો. (બે જણાં મળી નિર્લજરાયને ઊંચકી ખાટલામાં સુવાડે છે.)

**કુમતિ** : ક્ષમાવતિ, ક્ષમાવતિ જરા બારણું ઉઘાડો.

**ક્ષમાવતિ** : ધનુ બહુ બીમાર છે અને હું જરા કામમાં છું.

**કુમતિ** : કોને કામ નથી ? કામ બધાને છે. મારે જરા દીવો કરવો છે, દીવો કરી ચાલી જઈશ. તમારા ઘરમાં ઊભા રહેવા કોણ નવરું છે.

**ક્ષમાવતિ** : ગુસ્સે શું કરવા થાવ છો ? મારાથી ઉઘડે તેમ નથી.

**કુમતિ** : હું તને ઓળખું છું. તારાં અને તારા ધણીના લક્ષણ જાણું છું. પેલી તારી સગી સુમતિને પળવાર પર ઘરમાં ઘાલી અને પેલો તારો માટી ગંધાતો ગાળો દેતો લથડિયાં ખાતો કીચડ વાળે લુગડે આવ્યો તે કોણ નથી જાણતું ?

**ક્ષમાવતિ** : બેન આમ શું કરવા બોલો છો. જે વાત જાણતા હો તે પી જાવ.

**કુમતિ** : મેર રાંડ પીયે તારો ધણી ને પીએ તું. હું શું કરવા પીઉં ?

**ક્ષમાવતિ** : માફ કરજો મારો ધણી પોતાની જાતે પોતાની ફજેતી કરે છે, એથી વધારે ફજેતી બીજું કોણ કરી શકવાનું છે. વાસ્તે મેં તમને મારા ધણીની વાત ન કરવા કહ્યું.

**કુમતિ** : મોટી સાધવી ન જોઈ હોય તો. મારે શું તારા ઘરમાં પૂળો મૂકવા આવવું છે. (સુમતિ નિર્લજરાયને સુવારી પોતાને ઘેર ગઈ. ક્ષમાવતિએ પોતાની બીમાર છોકરીની આસના વાસના કરવામાં રાત પૂરી કરી. નિર્લજરાય લવારી કરી ઉલટી કરી પશુવત સ્થિતિમાં રાત ગાળી. પો ફાટતાં નિશો ઉતરે શુદ્ધિમાં આવ્યો.)

**ક્ષમાવતિ** : સાંભળો, ધનુ ઘણી બીમાર છે. આજનો દહાડો કહાડશે એમ મને લાગતું નથી, દાક્તર પણ તેમજ કહે છે તેથી તમે આજ કચેરીમાં જતા નહીં.

**નિર્લજરાય** : ઠીક.

**ક્ષમાવતિ** : મેં કાંઈ સહેજ સાજ ખાવાનું કરી મૂક્યું છે તે દાતણપાણી કરી નાહી ધોઈ ખાઈલો.

**નિર્લજરાય** : મેં દાતણ પાણી કર્યા છે, નાહ્યો પણ છું. પણ મને મોળ આવે છે અને ભૂખ નથી. મારે કચેરીમાં કામ છે વાસ્તે હું કચેરી જઈશ.

**ક્ષમાવતિ** : ધનુ આજનો દહાડો કાઢે તેમ નથી. મારું મન ઘણું પોચું થઈ ગયું છે. હું હિંમત હારી ગઈ છું. ઘેર રહો તો સારું.

**નિર્લજરાય** : મારે કચેરીમાં અગત્યનો મુકરદમો ચલાવવાનો છે તે પૂરો થયે તરત પાછો આવીશ.

**ક્ષમાવતિ** : સુમતિ, સુમતિ, જરા આવોને ધનુ બહુ ગભરાય છે.

**સુમતિ** : ક્ષમાવતિ, ગભરાતી નહિ, રડતી નહિ. ધનુનો આખર વખત છે, ધીરજ રાખી રામનામનો પોકાર એના કાનમાં કર અને હું ગીતા મોટેથી વાંચું છું. (ધનુએ દેહ છોડ્યો. તેને નવરાવી તુલસી, જવ વગેરે મેલી ચોકે નાખી.)

**સુમતિ** : અલ્યા નરોતમ જા તારા શેઠ નિર્લજરાયને બોલાવી લાવ.

**નરોત્તમ** : સુમતિ બા, મારા શેઠ તો કોણ જાણે ક્યાં હશે. કચેરીનું નામ દઈ કલાલોની દુકાનોમાં જઈ પૈસા ને શરીર બગાડે છે અને ફજેત થાય છે.

**સુમતિ** : જ્યાં હોય ત્યાંથી સમજાવી લઈ આવ. (ન્યાતમાં અને પોળમાં મોત થયાની ખબર થયાની, ખબર થયાની ન્યાતના તથા પોળના ભાયડા-બૈરાં ભેગાં થયાં છે અને રડા રડ ચાલી રહી છે, દેહ મૂક્યાને ઘણો વખત થયાથી વાંસ દુણી વગેરે આવ્યાં છે. એટલામાં નરોત્તમ નિર્લજરાયને સઘરામમાં ઘાલી ઘર અગાડી લાવે છે. સઘરામમાંથી બહાર કાઢતાં તેમના મોંમાંથી બદબોઈ ઊઠે છે. માખીઓ બણબણે છે અને ન્યાતના ભાયડા હાથ ઝાલી ઘસડી તેમને ઘરમાં લઈ જાય છે.

**નિર્લજરાય** : રાંડ ક્ષમાવતિ આમ આવ મારે તારું કામ છે.

**સુમતિ** : રાયજી તમારું શરીર સારું નથી. તમે પેલા કામળા પર સૂઈ જાવ.

**નિર્લજરાય** : મેર રાંડ તું મારા ઘરમાં ક્યાંથી આવી. નીકળ નીકળ. (ભાયડાઓ પરાણે પરાણ ઘસડી લઈ જઈ ઘરના એક ઓરડામાં પૂરે છે જ્યાં નિર્લજરાય ઘરનો સામન સરંજામ પછાડે છે અને ભાગે ફોડે છે.)

**સુમતિ** : ભાઈ જસવંતરાય તમે તમારું કામ કરો. ઢીલ કરવામાં કાંઈ લાભ નથી. (જસવંતરાય તથા બીજા ભાયડા મળી મડદુ બાંધી સ્મશાન લઈ જઈ અગ્નિ દાહ વગેરે દે છે.)

**ક્ષમાવતિ** : મારા જેવી અભાગણી કોણ હશે. ધણી પોતાના નામનો ભાવ દરરોજ પૂરેપૂરો ભજવે છે.

મારી એકની એક પુત્રી ધનુ ડાહી અને ધીરજવાળી હતી. એ મને કેટલી ધીરજ આપતી અને મારો દુઃખી સંસાર ગાળવા મદદરૂપ થતી, અરે ઈશ્વર તે પણ તેં લઈ લીધી. ભાયડો તો દુઃખ દે છે. પણ અરે અરે બોલ્યે શો ફાયદો ! અરે ઈશ્વર આ શું થયું છે.

**સુમતિ** : બેન તારી ધીરજ ક્ષમા અને દઢતા અસાધારણ છે. તારા પતિને તે પવિત્ર માની અત્યાર લગી પૂજ્યો છે, ધીરજ રાખ, ધીરજનાં ફળ મીઠાં છે. દુઃખનો પણ અંત છે.

**ક્ષમાવતિ** : બેન તમારી મને ઘણી મદદ છે.

**સુમતિ** : તું સતી છું. ઈશ્વર તારું ભલું કરશે. તારી પતિ સેવાથી તે પત્ની વ્રત શું છે તે બતાવી આપ્યું છે. આ ભવની છુટતાં તારું કલ્યાણ નક્કી છે એમ મને દીસે છે.

**પદ**

**(કોઈ પ્રેમ અંશ અવતરે - એ રાહ)**

ખરે દારૂ સંગ જે કરે, પછી તે પસ્તાવામાં પડે (ટેક)
દારૂ કેરી સંગત કરવે, મનની શક્તિ ટળે;
મનુષ્ય સરીખું રૂપ ધરીને, ખરન માફક ફરે ખરે.-૧

એક વકીલ બહુ અક્કલવાળા, પડ્યા ખોટી આ લતે;
કાયદા-ફાયદા પૂરા જાણી, અહીં તહીં આથડે. ખરે.-૨

એક દીન તો ખુબ ઠાંસીને, આવ્યા પોતે ઘર;
પત્ની બોલી "આ શું કરિયું ? પુત્રી માંદી અરે !" ખરે.-૩

વનિતાના આ વેણ સુણીને, ભાઈ તો બનિયા ગુસ્સે;
પણ જોસ્સાથી મારવા દોડતાં, જાતે પડિયા ખરે. ખરે-૪

પત્નીએ પાડોશીની સ્હાયે, નાખ્યા ખાટલા પરે;
ઘણા ઘણા ઉપાયો લીધે, શુદ્ધિ આવી જરે. ખરે.-૫

બીજે દીને પત્ની આ વીર, લાલા પ્રત્યે વેદ;
"આજે તમે કોર્ટે ના જાશો, પુત્રીનું દુઃખ વધે." ખરે.-૬

ખરા કામાર્થું ! બોલી ઊઠ્યા, "કોર્ટે કામ છે જરે;
"ઝટપટ ઝટપટ પાછો આવીશ, વાર ન લાગે મને." ખરે.-૭

પણે લાલા કોર્ટે પહોંચ્યા, પુત્રી પહોંચી સ્વર્ગે;
પત્ની કહે ગુમાસ્તાને "જા ! તેડીલાવ એમને." ખરે.-૮

થોડી વારે ગુમાસ્તો આવ્યો, ગાડી ઘાલી ઘરે;
મુખેથી ફીણ વહ્યુ જાયને, વળી માખ બણબણે. ખરે.-૯

ભાઈને લઈને ખાટલે નાંખ્યા, ભાન જરી નવ મેળે;
પુત્રી ત્યાં સ્મશાને પહોંચી, બળી ખાખ થઈ અરે. ખરે.-૧૦

ભાઈને અંતે શુદ્ધિ આવી, ધિક્ ધિક્ જાતે કરે;
દારૂ લેવાના સોગન લઈને, આંખે જળ ખૂબ ભરે. ખરે.-૧૧

દારૂને દીપક સમ માની, સજ્જન કો નવ અડે;
મૂર્ખાઓ પતંગ થઈને, ઉપર તૂટી પડે. ખરે.-૧૨

# ગોલો રાણો

**રંગલો** : ગટા શેઠ, આજે હું આપના આગળ ગોલા રાણાનો ફાર્સ ભજવી બતાવનાર છું.

**ગટા શેઠ** : ઠીક એ કયા દેશનો રાણો છે.

**રંગલો** : ભરતખંડના જુદા જુદા દેશના તમામ ભાગમાં એ વસે છે અને હાલના બીજા રાણા જેવો એ પણ નામનો રાણો છે.

**ગટા શેઠ** : ભરતખંડના ઈતિહાસમાં આવું નામ મેં વાંચ્યું કે સાંભળ્યું નથી.

**રંગલો** : સાહેબ તમારું કહેવું જેટલું ખરું છે તેટલું મારું કહેવું પણ ખરું છે. આ વિશાળ દેશના જુદા જુદા નગર અને શહેરોમાં તે તેના અમુક વિભાગમાં વસે છે અને આવા લત્તાને ગોલવાડ કહે છે અને ત્યાંના દરેક ગોલા રાણા રાજા છે.

**ગટા શેઠ** : તું તો ખરેખર મસ્કરો છું, તે તો કાગનો વાઘ કર્યો. આ રીતે તો શું અમે અમારા ઘરના રાણા નથી ?

**રંગલો** : ભલે શેઠ ભલે તમને ગટાશાહ મટી શું ગદ્ધારાણા થવું ગમે છે કે ? ભલે તેમ હો.

**ગટા શેઠ** : મેર હરામખોર અમારું ખાઈ અમારું ખોટું બોલે છે કે ?

**રંગલો** : અરે શેઠ સાહેબ નાના ભૂલ્યો રાણા સાહેબ ગદ્ધારાણા સાહેબ, માફ કરજો મેં તો આપને આપના ગમતા નામથી બોલાવ્યા છે.

**ગટા શેઠ** : ચૂપ મૂર્ખ ચૂપ. જો ફરીથી બોલ્યો તો આ ખાસડું અને તારું માથું કાંઈ બીજી વાતચીત કરતાં આવડતી હોય તો કર નહિ તો જા.

**રંગલો** : સાહેબ માફ કરજો. મોટાની મશ્કરી કરવામાં પેટ પર પગ મૂકવાનો સંભવ છે. સાંભળો સાહેબ, અમથો રાણો અને તેનો દીકરો કચરો અને તેની બૈરી લખમી અને દીકરી પાર્વતીનો તમાશો.

**રંગલો** : અલ્યા, અમથા રાણા અને કચરા તમે ક્યાં જઈ આવ્યાં. આમ ડોલતા ડોલતા કેમ ચાલો છો ?

**અમથો અને કચરો** : મેર સાલા ટુકડા રોટલા ખઉં, અમારી ચપટી કણકી

માગી ખાઈ પેટ ભરનાર તું અમને કોણ પૂછનાર અમે ક્યાં જઈ આવ્યાં ?

**રંગલો** : ગોલારાણા તમારી ચપટી ખાઈ હું મોટો થયો ખરી વાત.

**અમથા રાણા** : બોલોને તમે ક્યારે કમાયા છો કે તેમાંથી ચપટી આપી મને નભાવ્યો.

**અમથો** : અમારે ઘેર આવી ચપટી માગી તારું પાપી પેટ ભરે છે અને અમારું ટોળ કરે છે. બોલ આ ઘર કોનું છે, આ ડાંગરની કોઠીઓ, આ ચોખાને કણકી કોનાં છે ?

**રંગલો** : ગોલારાણા, ગાળો વૃષ્ટિ કરતા નહિ. આ ઘર તો તમારા બાપ વનાર્ષિએ બાંધ્યું હતું અને પેલી ઓરડીઓ પણ તેમણે બાંધી તમને વારસામાં આપી હતી. મારા બાપના સમ અમથારાણા સાચું બોલ એ ઓરડીઓ હવે તારી છે કે ?

**કચરો** : બાપા આ પેટ ભરો આપણી ફજેતી કરવા આવ્યો છે. નીકળ હરામખોર. તેં શું બે પૈસા ધીર્યા છે કે તું દબાવતો આવે છે.

**રંગલો** : કચરાને પૈસા ધીરનાર તો પેલા ગટાશેઠ છે અને ઓરડીઓ તો તેમને ઘેર છે.

**અમથો** : અલ્યા લુચ્ચા તારે એમાં શી લેવા દેવા તે ડાહ્યો થાય છે. બાળ તારું ડાહપણ, તારી લૂલી ચૂપ રાખ.

**રંગલો** : વારુ, તારે ઓરડીઓ તો ગટાશેઠને ઘેર છે. તમે જાજો વનાર્ષિને પેટ લાયક ઊઠ્યા. બાપ દાદાની કમાઈ વાણીઆને ઘેર ગઈ અને દરરોજ કાળું ધોળું કરી ગંધાતે મોઢે લથડિયા ખાતા ખાળોમાં પડતા આળોટતાં ઘેર આવી આબરૂ તો સારી કાઢી ધીક ! ધીક ! ધીક !

અમથો અને કચરો લાત ખાસડાં અને કમઠાળ હાથમાં લઈ મારવા જાય છે અને તેમ કરતાં અથડાઈ પથ્થર પર પડે છે અને તેથી અમથાનું માથું ફૂટે છે અને કચરાના દાંતમાંથી લોહી નીકળે છે.

**પાર્વતી :** (ગોલારાણાની છોકરી.)

મા.મા. ઊઠ. મારા બાપ અને કચરો પીને આવ્યા છે અને પેલા રંગલા

જોડે ગાળા ગાળી અને મારા મારી કરતાં માથું ફૂટ્યું અને દાંત ભાંગી પડ્યા અને લોક ભરાયા છે અને ગમે તેમ બોલે છે.

**લક્ષ્મી** : હું શું કરું. મને મારીઝુડી મારી પાસેથી પૈસા લઈ જાય છે. પૈસા નથી આપતી તો ચોખા ધૂળને ભાવે આપી દે છે અથવા વાસણ લઈ વેચી આવે છે. કહ્યું કહાવ્યું સાંભળતાં નથી અને ફજેતી કરે છે, ભોગ છે મારા.

**પાર્વતી** : મા રોટલા કરતી બંધ થા, હાથ ધો અને પાણીનો ઘડો લાવ.

(લખમી અને પાર્વતી પાણીનો ઘડો લાવે છે અને રંગલાની મદદથી બન્નેના માથા પર ટાઢા પાણીનો ઘડો રેડે છે અને લુગડાં બદલાવી બન્નેને ઘરમાં ઘસડી જાય છે.)

**રંગલો** : બેન લખમી, હું અમથા અને કચરાને વારંવાર નિશો ન કરવા કહું છું. તેઓ ન કરવા વચન આપે છે પણ પાળી શકતા નથી.

**લખમી** : ખરી વાત ભાઈ રંગલા. કલાલની દુકાનો અગાડી થોડી હતી અને દૂર હતી તે સારું હતું. દુકાનો પાસે આવવાથી અને વધવાથી આ અકરમી ભાયડાઓ દરરોજ પીએ છે, અમારા હાડકાં હળવાં કરે છે અને અમને નાગાં ઉઘાડાં કરી મૂક્યાં છે. પેલી ઓરડીઓ ગટાશેઠને ઘેર ગઈ છે. વખત બારીક છે. દુઃખ, કાળ અને મરકી ત્રાહ ત્રાહ પોકરાવે છે અને કામ મળતું નથી. ખાવાનું એકવાર પણ મળતું નથી, વાણિયા, ખત્રી, નાગરને ઘેર માથાફોડ વૈતરું કરી ટુંકારા હોકારા ખમીને એઠું, જુઠું મળે તે લાવી ઘર નભાવીએ છીએ.

**રંગલો** : હા બા. મારાથી કાંઈ અજાણ્યું નથી. ખાતી વખતે બધા તૈયાર છે. તમારા નસીબે ધંધો કરવાનો અને માર ખાવાનો આવ્યો છે. જો કલાલની દુકાનો ઓછી થાય અને આઘી ઘસે તો જ ઠીક નહિ તો આ ઘર પણ તમારું હતું ન હતું થઈ જશે.

**અમથો** : (હો. હો. હો. કરી ઉલટી કરે છે અને તે જોડે સવારે ખાધેલું અનાજ જેવું અને તેવું દુર્ગંધ મારતું બહાર આવે છે અને ઓરડામાં દારૂની દુર્ગંધ પ્રસરે છે.)

**પાર્વતી** : ભાઈ રંગલા, અમારી આખી નાત પૈસા આપવા, ગાળો અને માર ખાવો, દુર્ગંધ વેઠવી અને ઉશેડવી.

**રંગલો** : મારાથી કશું અજાણ્યું નથી, આ ગોલવાડના ઘરો નાગર, વાણીઆ, ક્ષત્રીને ઘેર ગયાં છે. તમારે ઘેર સો સો કળસી ડાંગર જોતો અને પાંચ સાત ખોલા રહેતા તે ક્યાં છે ? પ્રભુ ! પ્રભુ ! ઈશ્વર તમારી મદદે આવે અને આ પીઠાં બંધ કરાવો.

**અમથો** : અલી શું છે, શું છે ? આ રંગલો કેમ આવ્યો છે જે.

**લખમી** : કાંઈ નહિ. કાંઈ નહિ.

**અમથો** : બોલને રાંડ એ કેમ આવ્યો છે.

**લખમી** : તમે અને કચરો નિશો કરી આવ્યા, ગાળાગાળી અને મારામારી કરી, ગંદી ખાળોમાં પડ્યા અને માથા ફોડ્યા ત્યારે રંગલાએ મદદ કરી તમને ઘરમાં ધસડી આણી ખાટલા પર નાંખ્યા.

**અમથો** : ખરું ખરું. શું કરું ? પેલા નથવાએ અણસારો કરી મને તથા કચરાને પીઠામાં જાવા કહ્યું. ખોટું સમજવા છતાં નશાની લાલચમાં લપટાઈ મેં નિશો કર્યો અને તમને ગરીબડીઓને હેરાન કરી. અમે જાણીએ છીએ જે ખોટું છે પણ અમારું મન માંકડા જેવું છે.

**લખમી** : અમે નિશો નથી કરતાં અને બીડીએ નથી પીતાં અને આખો દહાડો વૈતરું કરી તમારું અને અમારું પેટ ભરીએ છીએ. બૈરાંઓને નશા વગર ચાલે તો તમારે કેમ ન ચાલે ?

**અમથો** : અમારી કુટેવ અને વ્યસનથી અમારી શાખ ખોઈ છે. શાહુકાર અમારી શાહીથી એક જનાદી પણ ધીરતા નથી. તારા સાથી આથી રૂપિયા ધીરે છે. શું કરીએ ? લાચાર, હું વ્યસનનો ગુલામ છીએ અને કચરો પણ મારા લીધે ખરાબ થયો છે. હવે તો મરે છૂટશે.

**પાર્વતી** : નિશો ન કરવાનું નક્કી કરી છોડો તો છોડાય.

**અમથો** : દુકાનો ગોલવાડ પાસેથી ખસે અથવા સમુળગી બંધ થાય તો જ નિશો કરવા ન જાય.

**લખમી** : સરકાર અમારી ગરીબ સ્ત્રીઓ પર દયા આણી દુકાન બંધ કરે તો આ વ્યસની ગોલાઓ વ્યસનથી છૂટે.

**રંગલો** : હું તમારી તમામ વાતને ઓળખું છું. તમારી ન્યાતની બૈરીએ

નિશો નથી કરતી એ હું જાણું છું. તેથી તમારી શાખ પર શાહુકાર પૈસા ધીરે છે.

**લખમી** : હા ભાઈ, ભાયડા અને છોકરાઓએ શાખ ગુમાવી છે.

**રંગલો** : લખમી અને પાર્વતી તમે સાક્ષાત અંબિકાનો અવતાર છો. મા બેન અને બૈરી તરીકે તમારું વર્તન પવિત્ર અને સ્તુત્ય છે. તમે મા અને બેન તરીકે સંસારનું પોષણ, રક્ષણ અને નિભાવ કરો છો અને સંસાર સુખમય કરનાર પણ તમે જ છો. લંપટ વ્યસનને તાબે ન થતાં તેના સામે દૃઢતાથી ઊભા રહી, ધીરજથી આ સંસારરૂપી સાગરના દુઃખમય મોજાં વટાવો છો. તમે સ્ત્રીઓ રત્નની ખાણ છો. પૃથુરાજ અને શિવાજી જેવા બહાદુર પુરુષો ભોજ અને કરણ જેવા દાનેશ્વરીઓ નરસિંહ, ધીરો, તુળસીદાસ, મીરાંબાઈ જેવા ભક્તો તમારા પેટમાં પાક્યા છે. હલકી વર્ણમાં જન્મ્યા અને ઉછર્યા છતાં તમે તમારી જાતને લજવી નથી. ધન્ય છે ! ધન્ય છે ! આવી સ્ત્રીઓને.

**(લાવણી)**

અરે ! સુણોને વ્હાલાવીર, ધરીને ધીર બોલ મુજ ખાસો,
“કદી ધર્યો જો હોઇછે દારૂ તમે પસ્તાશો.”
આ થયા ગોલાના હાલ, ખોયાં ઘરબાર, દારૂથી કેવા,
તેવા થશે તમારા, માંડ્યો દારૂ જો લેવા.
તે હતો પ્હેલા ધનવાન, સુખેથી કરતો તાન.



અંધત્વ પ્રાપ્ત થયા પછી ડૉ. નીલકંઠરાયના હસ્તાક્ષર



સને ૧૮૯૪માં સ્વ. નીલકંઠરાયના ખાડિયા અમૃતલાલની પોળના
આ નિવાસસ્થાને પ્રથમ અંધશાળાની સ્થાપના થઈ



ધ વિક્ટોરિયા મેમોરિયલ સ્કૂલ ફોર ધ બ્લાઈન્ડ, મુંબઈ જેનું સંચાલન ડૉ. નીલકંઠરાયે
૧૯૦૧ થી ૧૯૨૨ સુધી કર્યું.